उन्नति

# વિચાર

વર્ષ ૧૨ અંક ૨ એપ્રિલ – જુન, ૨૦૦૭

## અનુક્રમ


**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- ભારતમાં જાહેર સેવાઓમાં સુધારો 2

**આપના માટે**

- રાષ્ટ્રીય સ્વૈચ્છિક ક્ષેત્ર નીતિ 11
- બાળ લગ્નો રોકવા માટેનાં કાર્યક્રમો અને પરિબળો 16

**આપણી વાત**

- સચકી યાદેં, યાદોં કા સચ 19

**સાંપ્રત પ્રવાહ** 22

**સંદર્ભ સાહિત્ય** 23

**અમારા વિશે** 26



**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય



વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**


## સંપાદકીય

### જાહેર સેવા ક્ષેત્રે લોકાભિમુખતાની આવશ્યકતા

ભારતમાં ૧૯૯૧માં નવી આર્થિક નીતિનો આરંભ થયો તે પછી સરકારનાં જુદાં જુદાં સ્તરો દ્વારા અને તેમનાં ખાતાં કે વિભાગો અને અર્ધ સરકારી સંગઠનો તથા જાહેર ક્ષેત્ર દ્વારા જે સેવાઓ પૂરી પાડવામાં આવે છે તે સુધરે અને લોકોને સારી ગુણવત્તાવાળી જાહેર સેવાઓ ઉપલબ્ધ થાય તે માટેનું દબાણ વધ્યું. તેને પરિણામે જાહેર સેવાઓનો પુરવઠો પૂરો પાડનારી વ્યવસ્થાઓ સુધરે અને જાહેર સેવાઓ લોકાભિમુખ બને તે માટે વિવિધ સ્તરની સરકારોએ પ્રયાસો શરૂ કર્યા. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો તે માટેની પહેલ કરવામાં અગ્રેસર રહી. તેમણે જ ગ્રામ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં સ્થાનિક સરકારોને તે માટેની પ્રેરણા આપી.

મુખ્યત્વે આ સુધારા હરીફાઈ ઊભી કરવા તરફ વિશેષ રહ્યા છે. એટલે કે સરકારી કે અર્ધસરકારી પુરવઠાકાર સાથે ખાનગી ક્ષેત્ર હરીફાઈ કરે અથવા જે સેવાઓ સરકારી કે અર્ધસરકારી પુરવઠાકાર પૂરી પાડતા હોય તે સેવાઓનું ખાનગીકરણ કરવામાં આવે તેવા પ્રકારના માર્ગો અપનાવવામાં આવ્યા. પરિણામે હરીફાઈ ઊભી થઈ અથવા જે તે ક્ષેત્ર કે સેવા ખાનગીકરણ પામ્યાં તેથી તેમાં કાર્યક્ષમતા આવી. નાગરિકોને તેને પરિણામે નોંધપાત્ર લાભ થયો હોવાનો અનુભવ લગભગ સર્વત્ર પ્રવર્તે છે.

જો કે, વિકેન્દ્રીકરણ, સહભાગિતા, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વના માપદંડથી આ ફેરફારોને જોવામાં આવે તો અને તેમનું મૂલ્યાંકન કરવામાં આવે તો તે ઘણેબધે અંશે ઊણા ઊતરે છે. ખાસ કરીને સામાન્ય અને ગરીબ નાગરિકોને જે સેવાઓનો લાભ રોજેરોજ કે વારંવાર મેળવવાનો છે અથવા જે સેવાઓ થકી તેમના જીવનની ગુણવત્તામાં વિધાયક ફેરફાર થવાનો છે તે સેવાઓ હજુ પણ શાસનની જડ પ્રક્રિયાઓમાંથી મુક્ત થઈ નથી. પરિણામે સામાજિક ન્યાય ઊભો થતો નથી એટલું જ નહિ પણ કાર્યક્ષમતા પણ વિકસતી નથી. માહિતી અધિકારના ધારાએ શાસનને પારદર્શી અને ઉત્તરદાયી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે ખરી પરંતુ સુશાસન ઊભું કરવામાં હજુ ઘણી લાંબી મંઝિલ કાપવાની બાકી રહે છે. શાસનમાં સુધારા ઉપરથી ફેંકાવા જોઈએ નહિ પણ સ્થાનિક સ્તરેથી ઊભા થવા જોઈએ. તો જ એ જ સુધારા લોકોની સ્વીકૃતિ પામે છે અને શાસન સહભાગી બને છે. ઘણા સુધારા જાહેર સેવા ક્ષેત્રે એવા છે કે જે માત્ર ખાનગી ક્ષેત્રને ધ્યાનમાં લઈને કરાતા હોય એમ પણ જણાય છે. ખાનગી ક્ષેત્રની મર્યાદા એ છે કે તે આમ નાગરિકો પ્રત્યે આસાનીથી ઉત્તરદાયી બનતું નથી. તેથી રાજ્ય તેના દ્વારા પૂરી પડાતી અને તે જેને માટે અનુકૂળ માર્ગ ઊભો કરે છે તેવા ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરી પડાતી તમામ જાહેર સેવાઓ લોકભાગીદારીવાળી અને લોકો પ્રત્યે ઉત્તરદાયી બને તેનું તંત્ર વિકસાવવાનું આવશ્યક બને છે. વહીવટી અધિકારીઓ અને રાજકીય નેતાઓએ આ બાબતે પ્રતિબદ્ધ બનવાની અનિવાર્યતા છે.

# ભારતમાં જાહેર સેવાઓમાં સુધારો

ભારતમાં જાહેર સેવાઓના પુરવઠાની ગુણવત્તા વિશે ખાસ્સી ચર્ચા થતી રહી છે. વિવિધ સ્તરની સરકારોએ તાજેતરનાં વર્ષો દરમ્યાન સેવાઓ પૂરી પાડવાની વ્યવસ્થાઓ સુધારવા માટે અનેક પ્રયાસો કર્યા છે. વિશ્વ બેંક દ્વારા આવા ૩૧ પ્રયાસોનો અભ્યાસ તાજેતરમાં કરવામાં આવ્યો છે. આ અંગેના અહેવાલને આધારે આ લેખ **શ્રી બિનોય આચાર્ય** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

રાજતંત્ર અને શાસનની વ્યવસ્થા કોઈ પણ સમાજમાં વિકાસ માટે અગત્યની છે. બરાબર એ જ રીતે એ વ્યવસ્થા ન્યાય પૂરો પાડે એ પણ જરૂરી છે. આથી સુશાસન એ ગરીબી નિવારણ અને સામાજિક ન્યાય માટે અગત્યનો વિષય બન્યો છે. તેને પરિણામે જ શાસનમાં સુધારા ઉપર લગભગ છેલ્લા બે દાયકા દરમ્યાન ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. લગભગ ત્રણ દાયકાથી ઓછાવત્તા પ્રમાણમાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા દુનિયાભરના વિવિધ દેશોમાં જુદી જુદી માત્રામાં પ્રવર્તમાન રહી છે.

આવા અર્થતંત્રમાં કે જેમાં ઉદારીકરણ અને ખાનગીકરણ બજારલક્ષી અર્થતંત્ર માટે નવાં સૂત્રો બન્યા છે ત્યારે કાર્યક્ષમતા એ એક મહત્ત્વનો મુદ્દો બન્યો છે. બજાર કાર્યક્ષમતાને પ્રેરે છે. કારણ કે બજાર ઓછામાં ઓછા ખર્ચે સારામાં સારું ઉત્પાદન થાય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આવી વ્યવસ્થા શાસનમાં પણ લાવવી જોઈએ એવો આગ્રહ બજારલક્ષી અર્થતંત્રમાં ઊભો થયો છે.

જો કે, રાજ્યના કાર્યમાં માત્ર કાર્યક્ષમતા એ માપદંડ હોઈ શકે નહિ. સામાજિક ન્યાય, સહભાગિતા, ઉત્તરદાયિત્વ, પારદર્શિતા અને સ્વચ્છ અને શુદ્ધ વહીવટ શાસન થકી ઉપજે છે કે કેમ તે તેના સ્વીકૃત માપદંડો બન્યા છે. એ દૃષ્ટિએ શાસનને મૂલવવાની જરૂર ઊભી થાય છે.

ભારતમાં ૧૯૯૧માં નવી આર્થિક નીતિની શરૂઆત કરવામાં આવી અને અર્થતંત્રને બજાર આધારિત બનાવવા માટેની દિશામાં પગલાં ભરવામાં આવ્યાં. તેને પરિણામે રાજ્યની ભૂમિકા બદલાઈ ગઈ. રાજ્ય અર્થતંત્ર ઉપર અંકુશ રાખનારું ન રહે અને તે બજારને તેનું કામ કરવા દેવા માટેની વ્યવસ્થાઓ ઊભી કરે એ મુદ્દો તેમાં કેન્દ્ર સ્થાને રહ્યો છે. તેમ છતાં શાસનને સુધારવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. કારણ કે એમ સમજવામાં આવ્યું કે ઘણાં કાર્યો એવાં છે કે જે રાજ્ય થકી જ થાય અથવા રાજ્યે તેને માટે બજારને માર્ગદર્શન પૂરું પાડવું પડે.

તેને પરિણામે શાસનને સુધારવા માટેના અનેક પ્રયાસો દેશભરમાં જુદા જુદા સ્તરની સરકારો માટે કરવામાં આવ્યા. તેનો મુખ્ય હેતુ એ રહ્યો કે પારદર્શિતા ઊભી થાય અને ભ્રષ્ટાચાર દૂર થાય, સેવાઓનો પુરવઠા પૂરો પાડવામાં કાર્યક્ષમતા અને ઝડપ વધે, લોકોને સરકારી યોજનાઓ અને કાર્યક્રમો વિશેની માહિતી ખૂબ જ આસાનીથી પ્રાપ્ય થાય અને તેને પરિણામે લોકો એ યોજનાઓ અને કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત કરી શકે.

આ હેતુ પાર પાડવા માટે સરકારનાં વિવિધ ખાતાંઓ, વિભાગો અને મંત્રાલયોની કાર્યવાહીઓ સુધારવા ઉપર તથા તેમના દ્વારા કરવામાં આવતાં કામોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી ઊભી કરવા ઉપર તેમ જ લોકોની સામેલગીરી નાણાકીય અને નિર્ણય પ્રક્રિયાના સંબંધમાં વધે તેના ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તે માટે ઘણા ટેકનિકલ ઉપાયો પણ શોધવામાં આવ્યા અને પ્રયોજવામાં આવ્યા. ઈ-ગવર્નન્સ એટલે કે શાસનની કમ્પ્યુટર આધારિત શૈલી વિકસાવવા પાછળનો આ જ એક ઉદ્દેશ રહ્યો છે.

ગ્રામ પંચાયતથી શરૂ કરીને રાજ્ય સરકાર સુધીના સ્તરની સરકારો નાગરિકોને રોજેરોજ આવશ્યક હોય તેવી વિવિધ સેવાઓ પૂરી પાડે છે. આ તમામ સ્તરે આ પ્રકારના સુધારા લાવવાની જરૂરિયાત ૧૯૯૧થી સમજવામાં આવી અને તેને કાર્યરત કરવા માટે વિવિધ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા.

આ પ્રયોગો અનેક રાજ્યોમાં, અનેક રીતોએ અને અનેક સ્તરોએ વિભિન્ન પ્રકારની કાર્યવાહીઓમાં ફેરફારો કરીને તથા કાયદાઓમાં સુધારા કરીને, નિયમો સુધારીને કે બદલીને અથવા અંકુશો રદ કરીને તથા સ્પર્ધા ઊભી કરીને કરવામાં આવ્યા છે. આ પ્રયોગોએ નિર્ધારિત પરિણામ લાવવામાં અનેક ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરી છે અથવા ધારી સફળતા પ્રાપ્ત કરી નથી પણ સફળતાની દિશામાં કદમ

અવશ્ય માંડ્યાં છે. આ ફેરફાર લાવનારા કર્તાઓ અને પરિબળો અનેક છે. તેમનાં સ્વરુપો અને કાર્યવાહીઓ તથા વિધિઓ સમજવામાં આવે તો શાસન કેવી રીતે સુધરી શકે અને સમગ્ર સમાજ કેવી રીતે વિકાસ સાધી શકે તથા એ વિકાસને આમ આદમી સુધી કેવી રીતે શાસનની સમીપ લાવી શકાય તે સમજી શકાય છે. સ્વશાસનને સુશાસન તરફ લઈ જવાની પ્રક્રિયા આ સંદર્ભમાં સમજી શકાય તેમ છે. તેનાથી વિશેષપણે શાસન લોકભોગ્ય કેવી રીતે બને તે તારવી શકાશે.

## જાહેર સેવાઓ સુધારવાના પ્રયાસો

ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને તામિલનાડુ રાજ્યોમાં વિવિધ સેવાઓનો પુરવઠો સુધારવા માટે જે પ્રયાસો કેટલાંક વર્ષો દરમ્યાન થયા છે તેનાં ઉદાહરણો અહીં આપવામાં આવ્યાં છે. આ પ્રયાસોના વિશ્લેષણ ઉપરથી જે તારણો કાઢી શકાય છે તે નીચે મુજબ છે:

### ૧. સાનુકૂળ પર્યાવરણ ઊભું કરવું

શાસનમાં સુધારા લાવવા માટે અનુકૂળ પર્યાવરણનું સર્જન અનિવાર્ય છે. સુધારા અંગેના અનુભવો એમ દર્શાવે છે કે સેવાઓ પૂરી પાડવાની બાબતમાં જે સુધારા થયા છે તેમાં રાજકીય નેતૃત્વ કેન્દ્ર સ્થાને રહ્યુ છે. જે તે રાજ્યના રાજકારણીઓએ સમુદાયની સહભાગિતા ઊભી કરવા ઉપર, વિકેન્દ્રીકરણ કરવા ઉપર, નવી ટેક્નોલોજી દાખલ કરવા ઉપર અને શાસનને લોકો સુધી લઈ જવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ખાસ કરીને જુદા જુદા રાજકીય પક્ષો વચ્ચે આ સુધારા કરવા ઉપર સર્વસંમતિ સધાઈ હોવાનું જણાતું રહ્યું છે.

તેને પરિણામે વિવિધ રાજકીય પક્ષોની અને તેમનાં જોડાણોની સરકારો આવી હોવા છતાં રાજ્યોમાં આ સુધારા ચાલુ રહ્યા છે. ખાસ કરીને રાજ્યોની વિધાનસભાઓમાં સ્પષ્ટ બહુમતી ધરાવતી સરકારો સ્થિર રહી છે અને તેને પરિણામે તેઓ સુધારાનો અમલ કરવાનું કામ વધારે સારી રીતે કરી શકી છે.

### ગુજરાતમાં આંતરરાજ્ય ચેકપોસ્ટ

તમામ રાજ્યોને પોતાના રાજ્યમાં પ્રવેશતાં વાહનો ઉપર પ્રવેશ વેરો લેવાનો અધિકાર છે. પરિવહન વિભાગ દ્વારા ચલાવાતી આંતરરાજ્ય ચેકપોસ્ટ દ્વારા આ વેરો ઉઘરાવવામાં આવે છે. ભ્રષ્ટ ઈન્સ્પેક્ટરો હોવાને પરિણામે રાજ્ય સરકારની આવક આ વેરામાંથી ખૂબ જ ઓછી થતી હતી અને તેઓ ગુજરાતમાં પ્રવેશતાં વાહનો પાસેથી બિન-સત્તાવાર રીતે લાંચ લેતા હતા. આ સમગ્ર કામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા થતું હતું, તેને પરિણામે, ધોરી માર્ગ પર લાંબી લાઈનો લાગતી હતી અને આંતરરાજ્ય વ્યાપારમાં ભારે વિલંબ થતો હતો. વળી, ખટારામાં વધુ પડતો માલ ભરવામાં આવે તો તેનું ચેકિંગ પણ કરાતું નહોતું કારણ કે ઈન્સ્પેક્ટરોનો અભાવ હતો અને ટેક્નોલોજી પણ પ્રાપ્ય નહોતી. તેને પરિણામે પણ રાજ્ય સરકારની આવકમાં નુકસાન થતું હતું. પરિવહન વિભાગ આ સમગ્ર પ્રક્રિયા ઉપર ભાગ્યે જ કશી દેખરેખ રાખતો હતો.

૧૯૯૯માં પરિવહન કમિશનરે મુખ્ય પ્રધાન અને નાણા ખાતાને રાજ્યની દસ ચેકપોસ્ટનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે મનાવ્યા. દસ જ મહિનામાં આ નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી. તે નીચે મુજબ છે:

(૧) વીજાણુ વજન કાંટાવાળાં મશીનોવાળી નવી લાઈનો બાંધવામાં આવી.
(૨) દરેક લાઈન પર વિડિયો કેમેરા ગોઠવવામાં આવ્યો. આ કેમેરા અમદાવાદમાં કંટ્રોલ રૂમમાં લાયસન્સની નકલ મોકલી આપે. તેના પરથી વાહનનો વેરો ચુકવાયો છે કે નહિ અને માન્ય વજનમાં જ ખટારામાં માલ ભરવામાં આવ્યો છે કે નહિ તેની ખબર પડે.
(૩) પછી આ માહિતી સીધી ટર્મિનલ ઉપર જે તે ચેકપોસ્ટની કેબિનમાં આપવામાં આવે અને આપોઆપ વેરાની ગણતરી થઈ જાય. વધુ વજન હોય તો દંડની ગણતરી પણ થઈ જાય.
(૪) વાહનના ડ્રાયવર પણ વીજાણુ બોર્ડ ઉપર એ બધી વિગતો જોઈએ શકે અને તેને વેરાની રિસિપ્ટ પણ વીજાણુ રીતે આપવામાં આવે.
(૫) જાહેર ટેન્ડર દ્વારા આ વ્યવસ્થા ચલાવવા માટે એક ખાનગી કંપનીની પસંદગી કરવામાં આવી.

આ સમગ્ર વ્યવસ્થાને પરિણામે માત્ર બે જ મિનિટમાં વાહનનો વેરો ચુકવાઈ જાય. સ્પષ્ટ છે કે આ વ્યવસ્થા જુની વ્યવસ્થા કરતા ઘણી સારી હતી.

જો કે, ૨૦૦૦માં આ વ્યવસ્થા દાખલ કરનાર પરિવહન કમિશનરની બદલી થઈ ગઈ અને તેને પરિણામે સમગ્ર વ્યવસ્થા કંઈક અંશે ભાંગી પડી. જો કે, સરકારની આવકમાં વધારો તો થયો જ. ૧૯૯૮-૯૯માં રૂ. ૫૯ કરોડની આવક થઈ હતી. જ્યારે ૨૦૦૩-૦૪માં ૨૯૧ કરોડની આવક થઈ.

## પ્લેગ પછીનું સુરત

ગુજરાતના સુરત શહેરમાં સપ્ટેમ્બર ૧૯૯૪માં પ્લેગ ફાટી નીકળ્યો. સતત ભારે વરસાદને પરિણામે મોટા પ્રમાણમાં પાણીનો ભરાવો અને ઢોર અને અન્ય પ્રાણીઓનાં મોતને પરિણામે ઉંદરોનો ઉપદ્રવ થવાથી આ રોગ ફાટી નીકળ્યો. સુરત મહાનગરપાલિકા મરેલાં ઢોરનો નિકાલ કરવા માટે અક્ષમ હતી તેથી જાહેર આરોગ્ય સામેનો આ મોટો ખતરો ઊભો થયો. સુરતમાંથી આશરે ૩ લાખ લોકોએ હિજરત કરી. એમ જણાવવામાં આવે છે કે સુરતના ધંધા-રોજગારને આશરે ૩,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું. પણ પછી સુરતે કરવટ બદલી.

મે ૧૯૯૫માં રાજ્ય સરકારે નવા મ્યુનિસિપલ કમિશનરની નિમણુક કરી. તેમણે સ્થાનિક સુરતીઓના ટેકા સાથે સુરતની કાયાપલટ કરવાનો નિર્ધાર કર્યો. તેમણે છ વિભાગીય કચેરીઓમાં છ વડાઓની નિમણૂક કરી અને તેમને પાણી પુરવઠો, સફાઈ, રસ્તા, જાહેર આરોગ્ય વગેરે જેવાં તમામ કામો ઉપર દેખરેખ રાખવાની સત્તા આપી. તેમની વચ્ચે સંકલન પણ સ્થાપ્યું.

આથી તેઓ પરસ્પરને માહિતી પૂરી પાડે અને તેમની પ્રવૃત્તિઓનું સંકલન પણ કરે. તમામ વરિષ્ઠ અધિકારીઓને દરરોજ સવારે શહેરમાં ફરવાનું ફરજિયાત બનાવવામાં આવે. તેને પરિણામે હકીકતમાં શહેરમાં શું થઈ રહ્યું છે તેની તેમને ખબર પડી. ઉપરાંત, તેઓ પાલિકાના કર્મચારીઓ ઉપર વધારે સારી રીતે દેખરેખ રાખી શક્યા.

સફાઈ માટે સૌથી મહત્ત્વનું પગલું એ ભરાવવામાં આવ્યું કે સફાઈ કર્મચારી જ્યાં રહેતા હતાં તે વિસ્તારોમાં જ સફાઈ સૌ પ્રથમ કરવામાં આવી. તેમની ઘણીબધી ફરિયાદોનો ઉકેલ લાવવામાં આવ્યો.

સૌથી મહત્ત્વનો પ્રથમ પ્રશ્ન હાથ ધરાયો તે એ હતો કે કાયદાનો અમલ થાય. જે હોટલો અને રેસ્ટોરન્ટ્સ સફાઈનાં ધોરણોનો અમલ કરતી નહોતી તેમની સામે પગલાં ભરવામાં આવ્યાં. જે ઉદ્યોગો પર્યાવરણને પ્રદૂષિત કરતા હતા તેમને દંડ ફટકારવામાં આવ્યો.

જે મકાનો ગેરકાયદે બંધાયાં હતાં અને રસ્તા ઉપર અવરોધ ઊભો કરતાં હતાં તે તોડી પાડવામાં આવ્યાં. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં નળની વ્યવસ્થા કરવામાં આવી, રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા અને તે પાકા કરવામાં આવ્યાં, સામૂહિક જાજરૂની વ્યવસ્થા કરવામાં આવી અને ગટરો બાંધવામાં આવી.

મહાનગરપાલિકાના પ્રયાસોમાં સૌથી મહત્ત્વની બાબત ઘન કચરાના સંચાલનની વ્યવસ્થા હતી. સુરત શહેરના છ વિભાગોને ૫૨ સફાઈ વોર્ડમાં વહેંચી નાખવામાં આવ્યા અને કચરાના એકત્રીકરણ ઉપર દેખરેખ રાખવા માટે છ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી. તેને પરિણામે તેઓ સફાઈ કર્મચારીઓ ઉપર વધારે સારી દેખરેખ રાખી શક્યા.

આ ઉપરાંત, મોટા રસ્તાઓની સફાઈ માટેની જવાબદારી ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવી. તેઓ દિવસે રસ્તા સાફ કરે એવી વ્યવસ્થા ગોઠવાઈ અને સફાઈ વિશેનો રોજિંદો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

ઈ-શાસન પણ શરૂ થયું. ૧૩ નાગરિક સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. મહાનગરપાલિકાની કચેરીની મુલાકાત લીધા વિના નાગરિકો તેમનો વ્યવહાર કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. ભારતનું આ પ્રથમ શહેર હતું કે જેને દ્વિનોંધી નામા પદ્ધતિનો અમલ કર્યો અને ફરિયાદ નિવારણ માટેની ઓનલાઈન વ્યવસ્થા અંગે તેને એવોર્ડ પણ પ્રાપ્ત થયો.

સુરતના ધબકતાં માધ્યમોએ સતત સુધારા માટે દબાણ ચાલુ રાખ્યું. મ્યુનિસિપલ કમિશનરોએ પણ સતત ચૂંટાયેલી પાંખ સાથે વિચાર-વિમર્શ કર્યો અને ચૂંટાયેલી પાંખે સુધારાને ટેકો પૂરો પાડ્યો. આનું પરિણામ ૧૯૯૫ના અને આજના સુરતમાં દેખાય છેઃ

(૧) ૧૯૯૫માં સુરતની ૬૦ ટકા વસ્તીને જ ચોખ્ખું પીવાનું પાણી મળતું હતું. ૨૦૦૩માં તે પ્રમાણ ૯૫ ટકા થયું.
(૨) ૧૯૯૫માં ૩૦ ટકા સુરતીઓ માટે કચરાના નિકાલની વ્યવસ્થા હતી. ૨૦૦૩માં તે પ્રમાણ ૯૫ ટકા થયું.
(૩) ૧૯૯૫માં માત્ર ૪૦ ટકા કચરો જ એકત્ર કરવામાં આવતો હતો. ૨૦૦૩માં ૧૦૦ ટકા કચરો એકત્ર કરવામાં આવે છે.
(૪) ૧૯૯૫માં બહુ જ થોડા કચરા ઉપર પ્રક્રિયા થતી હતી. ૨૦૦૩માં નદી કે દરિયામાં કચરો નાંખતાં પહેલાં તેનું શુદ્ધિકરણ કરવામાં આવે છે.

## રાજસ્થાનમાં પ્રાથમિક શિક્ષણમાં સુધારાનો અનુભવ

રાજસ્થાનમાં ૧૯૮૦ના દાયકમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૫.૯ ટકા હતુ. ૧૯૯૦ના દાયકામાં તે ૫૮.૩ ટકા થયું. સ્ત્રીઓની સાક્ષરતા તો એનાથી પણ ઝડપથી વધી. ઉત્તર ભારતના કોઈ પણ રાજ્ય કરતાં આ પ્રગતિ સૌથી વધુ પ્રભાવક હતી. પ્રાથમિક શાળાઓમાં બાળકોના દાખલ થવાનું પ્રમાણ વધવાને પરિણામે આ સુધારો થયો. સરકારી અને બિન-સરકારી સંગઠનોની સંયુક્ત સામેલગીરીને પરિણામે રાજસ્થાનની શૈક્ષણિક વ્યવસ્થામાં સુધારો કરવાનું શક્ય બન્યું.

૧૯૮૭માં રાજસ્થાને દેશભરમાં પહેલી જ વાર સમુદાયમાંથી શિક્ષકોની પસંદગી કરી. તેમને શિક્ષાકર્મી કહેવામાં આવ્યા. તેમની પસંદગી એક રજિસ્ટર્ડ બોર્ડ દ્વારા કરવામાં આવી. તેઓ અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ આપવાનું કામ કરે તે અપેક્ષિત હતું. ૧૯૯૦ના દાયકાના મધ્ય સુધીમાં આ કાર્યક્રમ હેઠળ ૩૨ જિલ્લાઓમાં આશરે ૨.૦૨ લાખ વિદ્યાર્થીઓ આવરી લેવામાં આવ્યા.

૧૯૯૨માં આ કાર્યક્રમના પૂરક કાર્યક્રમ તરીકે લોક ઝુંબેશ કાર્યક્રમ શરૂ કરાયો. સરકારી શાળાઓમાં વધારે સારી શૈક્ષણિક સેવાઓ પૂરી પડાય અને જે બાળકો શાળાની બહાર રહી ગયાં છે તેમના સુધી શાળા પહોંચે તે માટે સમુદાય સામેલ થાય તે કાર્યક્રમનો ઉદ્દેશ હતો. સમુદાયના નેતાઓએ શાળાઓ ઉપર ધ્યાન રાખવાનું શરૂ કર્યું. ચૂંટાયેલાં પ્રતિનિધિઓવાળી ગ્રામ શિક્ષણ સમિતિઓની રચના થઈ. દરેક બાળકની શૈક્ષણિક પ્રગતિની નોંધ કરવાની શરૂ કરવામાં આવ્યું.

આ સમગ્ર કાર્યક્રમમાં નાગરિકોનાં સંગઠનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી. સોશ્યલ વેલ્ફેર રિસર્ચ સેન્ટર અને મજદૂર કિસાન શક્તિ સંગઠન બંનેએ આ કાર્યક્રમ વધારે ઉત્તરદાયી બને તેના ઉપર ભાર મૂક્યો. બિન-સરકારી સંગઠનો અને રાજ્ય સરકારની ભાગીદારી સાથે ૧૯૮૩માં મહિલા વિકાસ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. તેમાં મહિલાઓના શિક્ષણ, બાળ લગ્નો અટકાવવા, લઘુતમ વેતનનો અમલ વગેરે બાબતો ઉપર ધ્યાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમે પણ શિક્ષાકર્મી યોજનામાં પૂરક કાર્યક્રમ તરીકે ભાગ ભજવ્યો.

સમગ્ર દેશમાં ૩.૩ ટકા જેટલી રાજ્ય ઘરેલૂ ઉત્પાદન (એસ.ડી.પી.)ની રકમ શિક્ષણ પાછળ ખર્ચવામાં આવે છે. રાજસ્થાને આશરે ૪.૫ ટકા જેટલી રકમ શિક્ષણ પાછળ ખર્ચવાનું શરૂ કર્યું. રાજકીય પ્રતિબદ્ધતાનો આ પણ એક અત્યંત મહત્ત્વનો નમૂનો છે. રાજકીય નેતાઓએ રાજ્યમાં જે શૈક્ષણિક સુધારાઓ કરવામાં આવ્યા તેમને મજબૂત ટેકો પૂરો પાડ્યો. જો કે ૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધમાં લોક ઝુંબેશ અને શિક્ષા કર્મી બંને યોજનાઓ રાજકીય કારણોસર લગભગ બંધ કરી દેવામાં આવી.

અધિકારીઓને સંચાલન માટેની સ્વાયત્તતા આપીને, તેમની વારંવાર બદલીઓ નહિ કરીને, તથા ઉચ્ચ કક્ષાના રાજકારણીઓને તેઓ આસાનીથી મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરીને સુધારાઓ વિશે રાજકીય નેતાઓ અને અધિકારીઓ વચ્ચે સંવાદ ઊભો કરવામાં આવ્યો છે. સુધારાઓ સફળ થયા તે પાછળની આ એક મહત્ત્વનું પરિબળ છે.

### ૨. સેવાનો પુરવઠો સુધારવા માટેની પ્રક્રિયા

રાજ્ય સરકારોએ સેવાઓ પૂરી પાડવાની બાબતમાં સ્પર્ધા વધારવાના તત્ત્વનો વિશેષ ઉપયોગ કર્યો છે. તેને પરિણામે વિવિધ સેવાઓ માટે જુદા જુદા સ્તરની સરકારોની જે ઈજારાશાહી હતી તે તૂટી છે. આવી હરીફાઈ ઊભી થવાને લીધે સરકારી સેવાઓની ક્ષમતામાં સુધારો થયો છે. કેન્દ્ર સરકારે બેંકિંગ સેવાઓ, વીમા સેવાઓ, ટેલિકોમ સેવાઓ વગેરેમાં સ્પર્ધા ઊભી કરી તેથી સરકારી સેવાઓમાં પણ સુધારો થયો હોવાનો અનુભવ સૌને છે. રાજ્ય સરકારોએ આમાથી બોધપાઠ લઈને વિવિધ સેવાઓમાં ખાનગી ક્ષેત્રના પ્રવેશને માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કર્યું.

એક બીજો મહત્ત્વનો સુધારો એ થયો કે લોકોનો સરકાર સાથેનો વ્યવહાર જે જે બાબતોમાં હોય તે વ્યવહાર સરળતા સાથે પતે તેવી વ્યવસ્થા ઈ-ગવર્નન્સ દ્વારા કરવામાં આવી. નાગરિકો અને ખાનગી સાહસિકો બંને વધારે સારી રીતે અને ઝડપથી માહિતી મેળવી શકે અને વિવિધ યોજનાઓના અમલ માટેની કાર્યવાહીમાં ભાગ લઈ શકે તેવા પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી.

તેને માટે સરકારના તંત્રમાં તથા સરકારી સંસ્થાઓમાં સંગઠનની પ્રક્રિયાઓ સુધારવામાં આવી, વરિષ્ઠ સ્તરે દેખરેખ માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવી અને તેમને સત્તાઓ આપવામાં આવી, જુદી

## મધ્ય પ્રદેશમાં હોસ્પિટલોના સંચાલન માટે સામુદાયિક સહભાગિતા

મધ્ય પ્રદેશમાં રોગી કલ્યાણ સમિતિની રચના ૧૯૯૫માં કરવામાં આવી. ઈન્દોરના કલેક્ટર દ્વારા પહેલી જ વાર તેની રચના શહેરની મહારાજ યશવંતરાવ હોસ્પિટલમાં સુધારા કરવા માટે કરવામાં આવી. હોસ્પિટલોમાં નિયમિત સ્ટાફ પાછળ જે મોટા પ્રમાણમાં પગારનું ખર્ચ થાય છે તેમાંથી બહાર નીકળવા માટે આ સમિતિની રચનાનો ઉપાય શોધી કાઢવામાં આવ્યો.

જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં આ સમિતિઓ સ્વતંત્ર મંડળીઓ તરીકે કામ કરે છે. તે માત્ર હોસ્પિટલોનું સંચાલન જ નથી કરતી પણ તેને ખાનગી દાન એકત્ર કરવાનો, વપરાશકાર ઉપર ફી લાદવાનો, હોસ્પિટલની ખાલી જગ્યાનો ઉપયોગ વધુ આવક ઊભી કરવા માટે કરવાનો અને સફાઈ તથા અન્ય કામો બહારની વ્યક્તિઓ પાસેથી કરાવવાનો હક આપવામાં આવ્યો છે.

આ મંડળીઓમાં સ્થાનિક કલેક્ટર, ધારાસભ્યો અને બિન-સરકારી સંગઠનોના સભ્યો હોય છે. આ મંડળીઓ જે ફી ભેગી કરે છે તે હોસ્પિટલોમાં સાધન-સામગ્રીની ખરીદી માટે અને તેમના નિભાવ માટે વાપરવામાં આવે છે.

પાછળથી રાજ્યની તમામ હોસ્પિટલો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ આ યોજના અમલમાં મૂકવામાં આવી. ડોક્ટરો અને અન્ય કર્મચારીઓમાં પણ આ સમિતિઓ વધારે લોકપ્રિય બની.

તેનું કારણ એ હતું કે તેમને જરૂરી સાધન સામગ્રી પ્રાપ્ય બની. સમિતિઓએ આ રીતે પગાર પાછળ થતા વધારાના ખર્ચને પહોંચી વળવાનો માર્ગ અપનાવ્યો. કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય આરોગ્ય મિશને આ મોડેલ્સનો ઉપયોગ સમગ્ર દેશમાં થાય તે માટે વિચાર કર્યો છે.

જુદી સરકારી સંસ્થાઓ વચ્ચે સંકલન કરવામાં આવ્યું અને નાગરિકો સાથેના સંબંધો વધુ અસરકારક બને તે માટે પણ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી. આ ઉપરાંત વિકેન્દ્રીકરણે તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. જે કામો નીચેના સ્તરે થઈ શકે તેવાં હોય તે કામો ઉપરના સ્તરે ન થાય તેની કાળજી ઘણી રાજ્ય સરકારોએ લીધી. પંચાયતો અને પાલિકાઓને વધુ કામો સોંપવાની ચેષ્ટા રાજ્ય સરકારોએ કરી છે એ સંદર્ભમાં એક નોંધપાત્ર પાસું છે. જો કે હજુ ઘણાં રાજ્યોમાં આ પ્રક્રિયાને વેગવાન બનાવવાની આવશ્યકતા છે. વળી, સરકારી સંસ્થાઓ અને વિભાગો તંત્રોનું લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ વધે તે માટેની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી. સરકારની ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાઓને મજબૂત કરવામાં આવી, માહિતીનો અધિકાર પ્રસ્થાપિત કરવામાં આવ્યો અને તેને પ્રોત્સાહન આપવામાં આવ્યું તથા જાહેર હિતની અરજીઓ દ્વારા વધુ ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટેનો પ્રયાસ થયો. નાગરિકોની ભાગીદારી તેને પરિણામે વધી. અનેક રાજ્યોમાં ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાઓ વધારે કાનૂની સત્તાઓ પ્રાપ્ત કરે અને ભ્રષ્ટાચારીઓને સજા થાય તે માટેનું નાગરિકોનું દબાણ વધ્યું છે અને તેને પરિણામે રાજકારણીઓને વધુ ગંભીર રીતે આ મુદ્દો હાથ ધરવાની ફરજ પડી છે એમ કહી શકાય.

## વિવિધ મુદ્દાઓ

### ૧. નાગરિક સમાજની ભાગીદારી

કેટલાક કિસ્સાઓમાં નાગરિક સમાજનાં જૂથો અને માધ્યમોએ સેવા પૂરી પાડનારાઓ અને રાજ્ય ઉપર સીધી રીતે દબાણ લાવવાનો પ્રયત્ન કર્યો કે જેથી પરિવર્તન આવી શકે. કેટલાક કિસ્સાઓમાં નાગરિક સમાજનાં જૂથોએ સરકારી સંસ્થાઓના સુધારકો સાથે સહયોગ સાધીને કામ કર્યું. સુધારકોએ જ્યાં નાગરિક સમાજ નબળો હોય અથવા નિષ્ક્રિય હોય ત્યાં સુધારા માટેની માંગ ઊભી થાય તે માટે ભારે જહેમત ઉઠાવી.

નાગરિક સમાજનાં અનેક જૂથોએ બેંગલોરમાં મહાનગરપાલિકા સાથે સહયોગ સાધીને સુધારા ઉપર દેખરેખ રાખવાનું કામ કર્યું હતું. ખાસ કરીને મિલકત વેરાની વ્યવસ્થાનું કમ્પ્યુટરીકરણ કરવાનાં સંદર્ભમાં અને ભંડોળ આધારિત હિસાબી વ્યવસ્થા ઊભી કરવાના સંદર્ભમાં નાગરિક સમાજનાં જૂથોએ ટેકનિકલ ટેકો પણ મહાનગરપાલિકાને પૂરો પાડ્યો.

મધ્ય પ્રદેશમાં નવા શિક્ષકો ઉપર અંકુશ રાખવાનું કામ સમુદાયને સોંપવામાં આવ્યું. તેને પરિણામે સ્થાનિક સંસ્થાઓ અને વાલીઓ તથા શિક્ષકોનાં મંડળો વધારે સક્રિય બન્યાં. એ જ રીતે જિલ્લાની હોસ્પિટલોને દર્દીઓ પાસેથી ફી ઉઘરાવવાની સત્તા આપવામાં આવી અને તે રકમ હોસ્પિટલો અને સાધન-સામગ્રીના નિભાવ માટે વાપરવાની છૂટ આપવામાં આવી તેથી હોસ્પિટલોના સંચાલનમાં લોકોએ રસ લેવાનું શરૂ કર્યું. દિલ્લીમાં સ્વતંત્ર એવી એપેલેટ સંસ્થા શરૂ કરવામાં આવી જેને પરિણામે રાજ્ય સરકાર પાસેથી માહિતી મેળવવાનું નાગરિકો માટે વધારે આસાન બન્યું. નાગરિકોની સહભાગિતા માટે કેવી રીતે અવકાશ ઊભો થઈ શકે તેનું સારું ઉદાહરણ દિલ્લી પૂરું પાડે છે.

## મુંબઈની ઓનલાઈન ફરિયાદ દેખરેખ વ્યવસ્થા

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાએ ફરિયાદ નિવારણની ઓનલાઈન વ્યવસ્થા ગોઠવી છે. આ વ્યવસ્થા 'પ્રજા' નામના બિન-સરકારી સંગઠન દ્વારા તૈયાર કરવામાં આવી હતી. મુંબઈના તમામ વોર્ડને એ આવરી લે છે. એક નિશ્ચિત નંબર ઉપર 'પ્રજા'ની વેબસાઈટ દ્વારા ફોન કરીને ફરિયાદ લખાવી શકાય છે, વોર્ડ ઓફિસમાં ફોન કરીને પણ ફરિયાદ લખાવી શકાય છે.

વોર્ડ ઓફિસમાં રૂબરૂ જઈને પણ ફરિયાદ લખાવી શકાય છે. અમુક નિશ્ચિત સમયગાળામાં જે તે જવાબદાર અધિકારીએ એ ફરિયાદનો ઉકેલ લાવવાનો હોય છે. જો ઉકેલ ન આવે તો ઉચ્ચ કક્ષાના અધિકારી તરફ એ ફરિયાદ જાય છે. એમ છેવટે ઉકેલ ન જ આવે ત્યારે એ ફરિયાદ આપોઆપ મ્યુનિસિપલ કમિશનર સુધી પહોંચે છે.

'પ્રજા' દ્વારા અંકુશિત એવા સર્વરમાં બધી જ ફરિયાદોનો સંગ્રહ થાય છે. જ્યારે મહાનગરપાલિકાના અધિકારીઓ આ સર્વરનો ઉપયોગ કરે છે ત્યારે તેમણે ફરિયાદોની છેલ્લામાં છેલ્લી શી પરિસ્થિતિ છે તે વિશે માહિતી આપવાની હોય છે. તેઓ ફરિયાદો તેમાંથી રદ કરી શકતા નથી. સંસ્થા ફરિયાદ ઉપલા સ્તરે કયા પહોંચી તેના ઉપર દેખરેખ રાખે છે. જો પ્રતિભાવ ખૂબ જ મોળો હોય તો સંસ્થા જે તે અધિકારી સમક્ષ રજૂઆત કરે છે.

આ વ્યવસ્થા જે તે કાર્ય વોર્ડવાર કેવી રીતે થાય છે તેની કામગીરીની માહિતી પૂરી પાડે છે. તેથી મહાનગરપાલિકાને શી માળખાગત સમસ્યાઓ છે તેની ખબર પડે છે અને તે ઉકેલવા માટે તેઓ આયોજન કરી શકે છે. આ વ્યવસ્થાની કામગીરી અંગેની માહિતી પ્રાપ્ત થવાથી મહાનગરપાલિકા જે તે કર્મચારી અને વોર્ડને પ્રોત્સાહન પૂરું પાડવાની વ્યવસ્થા કરી શકે છે. જો કે હજુ આ વ્યવસ્થા થઈ નથી.

ડિસેમ્બર ૨૦૦૩માં 'પ્રજા' દ્વારા જે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો તેમાં એમ જણાવવામાં આવ્યું કે ૪૯ ટકા નાગરિકોને એમ લાગ્યું કે તેમની ફરિયાદો દૂર થઈ ગઈ છે. જો કે સત્તાવાર આંકડો ૮૮ ટકાનો હતો. ખાસ કરીને વોર્ડમાં જે ફરિયાદો નોંધાવવામાં આવે છે તે ફરિયાદો આ વ્યવસ્થામાં નોંધવામાં આવતી નથી તેને વિશે સંસ્થા ચિંતિત છે.

'પ્રજા' સંસ્થાનો અભિગમ આ બાબતમાં ધીમે ધીમે આગળ વધવાનો રહ્યો છે. ૧૯૯૯માં તેણે મહાનગરપાલિકા સાથે કામ કરવાની શરૂઆત કરી. તે વખતે તેણે નાગરિકોનું ખતપત્ર ઘડ્યું અને તેણે તેના અમલ ઉપર દેખરેખ રાખી. એ પછી તેણે આ ઓનલાઈન ફરિયાદ દેખરેખ વ્યવસ્થા ઉપર કામ કરવાની શરૂઆત કરી. સંસ્થા મહાનગરપાલિકામાં ઉચ્ચ સ્તરીય સંપર્ક ઊભો કરી શકી છે. વોર્ડમાં જે લોકો સાથે કામ પાડનારા કર્મચારીઓ અને અધિકારીઓ છે તેમનો ટેકો આ વ્યવસ્થામાં ઊભો થાય તે એક મોટો પડકાર બની રહ્યો છે.

### ૨. ભ્રષ્ટાચારને નાથવાની રીતો

ઈ-શાસન ભ્રષ્ટાચારને દૂર કરવામાં ત્યાં સફળ રહ્યું છે કે જ્યાં રાજકીય નેતાઓ તેને ટેકો આપતા રહ્યાં છે. જ્યાં જ્યાં વધુ હરીફાઈ ઊભી થઈ છે ત્યાં ત્યાં પણ લાંચ માંગવા કે લેવાનું વર્તન ઘટ્યું છે. જ્યાં રાજકીય ટેકાનો અભાવ રહ્યો છે ત્યાં આ વ્યવસ્થા પણ સ્થાપિત હિતોને ભ્રષ્ટાચાર કરતાં રોકી શકી નથી. તે એમ દર્શાવે છે કે માત્ર ટેક્નોલોજીથી ભ્રષ્ટાચાર નાથી શકાય એવું નથી.

સાથે સાથે સ્પર્ધા વધવાને બદલે સેવાઓની ગુણવત્તામાં વધારો થયો છે. ભારતના ટેલિકોમ ક્ષેત્રે ઊભી થયેલી સ્પર્ધા તેની સાબિતી છે. એ જ રીતે મધ્ય પ્રદેશમાં સરકારે ખેડૂતોને ખાનગી ક્ષેત્ર સાથે સીધો કરાર કરવાની છૂટ આપી તેથી સત્તાવાર ખેત ઉત્પન્ન બજાર સમિતિઓનો ઈજારો તૂટ્યો છે અને ખેડૂતોને વધુ ભાવ મળતાં લાભ થયો છે.

કેટલાક રાજકારણીઓએ ભૂતકાળની પરંપરાઓમાં સુધારા કરવાનું પસંદ કર્યું છે. જ્યારે કેટલાંક રાજકારણીઓ સુધારાના વિરોધી પણ રહ્યાં છે. પરંતુ જ્યાં જ્યાં ધીમે ધીમે સુધારા કરવામાં આવ્યાં છે ત્યાં ત્યાં તેમનો અમલ આસાનીથી અને સફળ રીતે કરી શકાયો છે. પરંતુ જ્યાં એક સાથે મોટા ફેરફારો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે ત્યાં સફળતા પ્રાપ્ત થઈ નથી.

આંધ્ર પ્રદેશમાં ઈ-સેવા કાર્યક્રમમાં જે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી અને એક જ પ્રકારનું બિલ ગ્રાહકોને આપવાનું નક્કી કરવામાં આવ્યું તે જુદાં જુદાં ખાતાંના અધિકારીઓની સ્વાયત્તતા ઉપર ઘા કરનારું હતું. તેમ છતાં તે સફળ તો થયું જ. એ જ રીતે કર્ણાટકમાં 'ભૂમિ' કાર્યક્રમમાં જમીનનાં દસ્તાવેજો પૂરાં પાડવા માટેની નવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી અને તેને પરિણામે ગ્રામ પંચાયતના મંત્રીઓનો અંકુશ એ પ્રક્રિયા ઉપરથી ઓછો થઈ ગયો. જો કે, આ

## તામિલનાડુ મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનઃ જાહેર હોસ્પિટલો માટે સસ્તી દવાઓ ખરીદવાનો અને ફાળવવાનો સફળ પ્રયોગ

તામિલનાડુ રાજ્ય સરકાર દ્વારા થતી દવાઓની પ્રાપ્તિમાં ભ્રષ્ટાચાર ઘટે અને સારી ગુણવત્તાવાળી દવાઓ સરકારી હોસ્પિટલોમાં પ્રાપ્ત થાય તે માટે તામિલનાડુ મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન દ્વારા એક સારું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. તેને પરિણામે સરકારી હોસ્પિટલોની છાપ સુધરી છે અને હોસ્પિટલોના ઉપયોગમાં પણ વધારો થયો છે.

સરકારના વિભાગની જૂની વ્યવસ્થા મુજબ દવાઓની પ્રાપ્તિ આરોગ્ય ખાતા દ્વારા અને જિલ્લાની જે તે હોસ્પિટલ દ્વારા કરવામાં આવતી હતી. આ અંગે આવશ્યક દવાઓની કોઈ યાદી તૈયાર કરવામાં આવી નહોતી. તેને પરિણામે દવાઓની આડેધડ ખરીદી થતી હતી, ભાઈ-ભતીજાવાદ પ્રવર્તતો હતો અને દવાઓના ખર્ચમાં પણ વધારો થતો હતો. તેને પરિણામે આરોગ્ય સેવા પૂરી પાડવાનો ખર્ચ વધતો હતો.

૧૯૯૪માં તામિલનાડુ રાજ્ય સરકારે દવાઓ મેળવવા માટે આ નિગમની સ્થાપના કરી. સૌ પ્રથમ તો દવાઓ ખરીદવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ.એચ.ઓ.)એ તૈયાર કરેલી માર્ગરેખાઓને આધારે લગભગ ૨૪૦ જેટલી આવશ્યક દવાઓની યાદી તૈયાર કરવામાં આવી. તે પછી નિગમે આ દવાઓ માત્ર પોતે જ ખરીદશે એમ નક્કી કર્યું.

તેને પરિણામે દવાઓ વેચનારાઓ સાથે સસ્તી દવા મેળવવા માટે સોદાબાજી થઈ શકી. આજે દવા વેચનારાઓ ટેન્ડર ભરે છે. જેઓ ટેન્ડર ભરે છે તેમનાં કારખાનાંની અચાનક મુલાકાત લેવામાં આવે છે અને દવાઓ અંગેના તેમના દાવાઓની ચકાસણી કરવામાં આવે છે.

આ દવાઓ બીજે ક્યાંય જતી ન રહે તે માટે તેમના ઉપર નિગમનો લોગો લગાવવામાં આવે છે અને સમગ્ર રાજ્યની વખારોમાં તે પહોંચાડવામાં આવે છે. જો દવાનો પુરવઠો પૂરો પાડનારી કંપની દવા મોડી મોકલે તો તેને દંડ કરવામાં આવે છે. દેશભરમાં જે પ્રયોગ શાળાઓ છે ત્યાં આ દવાઓના નમૂના ગુણવત્તાની ચકાસણી માટે મોકલવામાં આવે છે.

એક વાર આ ખાનગી ક્ષેત્રની દવાઓની ગુણવત્તા સારી સાબિત થઈ જાય પછી તે દવાઓ હોસ્પિટલોમાં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મોકલવામાં આવે છે. ત્યાં પાસબુકની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે તે વિસ્તારમાં કયા રોગો પ્રવર્તે છે તેને આધારે અને કેટલા દર્દીઓ એ વિસ્તારની હોસ્પિટલોમાં આવે છે તેને આધારે દવાઓની ફાળવણી કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવી છે કે જેથી જિલ્લાઓ અને હોસ્પિટલોમાં જુદી જુદી દવાઓનો કેટલો જથ્થો છે તેના ઉપર રોજે રોજ દેખરેખ રાખવામાં આવે છે.

આને પરિણામે દવાઓના ભાવમાં જોરદાર ઘડાડો થયો. દા.ત. સિપ્રોફ્લેક્સિન દવાની ૧૦૦ ગોળીઓનો ભાવ ૧૯૯૨-૯૪ દરમ્યાન રૂ. ૫૨૫ હતો તે ૨૦૦૨-૦૩ દરમ્યાન તે રૂ. ૮૮ થઈ ગયો. રાજ્યના રાજકારણીઓએ આ યોજનાને ગરીબો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના નામે વધાવી લીધી હતી.

ઉદાહરણો ઉપરથી એક બાબત સાબિત થાય છે કે રાજકીય અર્થતંત્રના અવરોધો દૂર કરી શકાય છે પણ તેમાં ટેકનિકલ ઉપાયો જ ઉપયોગી થાય છે એવું નથી પણ રાજકીય નેતૃત્વ અને સમર્થન તેની સફળતા માટે આવશ્યક છે.

### ૩. સુધારાને ટકાઉ બનાવવા

જે સુધારાઓ નાગરિકોમાં લોકપ્રિય બન્યા તે સુધારાઓ રાજકીય નેતાઓના વિરોધ છતાં ટકી શક્યા. ઘણી વાર તેને માટે રાજકીય સર્વસંમતિ પણ ઊભી થઈ. કાનૂની સુધારાઓ દ્વારા આ સુધારાઓને ટેકો પૂરો પાડવામાં આવ્યો અને સાથે સાથે જે સુધારા કરવામાં આવ્યા તે ધંધાકીય દૃષ્ટિએ સારી વ્યવસ્થા છે એમ સમજવામાં આવ્યું ત્યારે વધુ સુધારાઓ શક્ય બની શક્યા અને એ માટે રાજકીય સર્વસંમતિ પણ ઊભી થઈ શકી. તેનું પરિણામ એ આવ્યું કે સરકારો બદલાઈ ગઈ તેમ છતાં સુધારાનાં કાર્યક્રમો ચાલુ રહ્યાં. તામિલનાડુ અને આંધ્ર પ્રદેશનાં અનુભવો એમ દર્શાવે છે કે જ્યારે રાજકીય પક્ષો અમુક કાર્યક્રમોની તરફેણમાં સંમત થાય છે ત્યારે ટકાઉપણું વધે છે. એવા સુધારાનાં કાર્યક્રમો ચૂંટણીની દૃષ્ટિએ પણ રદ કરવાનું યોગ્ય બનતું નથી.

વધુ મહત્ત્વનો મુદ્દો એ છે કે જ્યારે જ્યારે વધુ સારી સેવાઓ પૂરી

પાડવાની સાથે સાથે ગ્રાહકો પાસેથી લેવામાં આવતી ફીમાં વધારો કરવામાં આવ્યો છે ત્યારે નાગરિકોએ તેનો વિરોધ કર્યો નથી. તે જ એમ બતાવે છે કે સારી સેવા મળતી હોય તો નાગરિકો વધારે ફી ચૂકવવા માટે પણ તૈયાર હોય છે.

જે નગરોની સરકારો વધારે આવક ઊભી કરી શકે છે તે નગરોમાં માળખાગત સવલતોમાં સુધારો વર્તાય છે. ઉપરાંત, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આ નગરોની સ્થાનિક સરકારોને કેટલો ટેકો પૂરો પાડે છે તે પણ તેમાં અગત્યનું બને છે. જે તે વિસ્તારમાં તે વિસ્તારની પરિસ્થિતિને અનુકૂળ એવા સુધારા કરવામાં આવ્યા તેમ છતાં તે સુધારામાંનાં કેટલાંક તત્ત્વો એવાં હોય છે કે જેમનું અનુસરણ અન્ય વિસ્તારોમાં પણ કરી શકાય.

ખાસ કરીને બિન-સરકારી સંગઠનોએ જુદા જુદા શ્રેષ્ઠ પ્રયોગોને વિશેની માહિતી અન્ય વિસ્તારોમાં પૂરી પાડીને તથા શૈક્ષણિક પ્રવાસો યોજીને આ ક્ષેત્રે પ્રચાર-પ્રસારનું ખૂબ જ અગત્યનું કાર્ય કર્યું છે. તેમાંથી પ્રાથમિકતાનાં ક્ષેત્રો નક્કી કરવાનું પણ શક્ય બન્યું છે.

### ઉપસંહાર

કેટલાંક રાજ્યોમાં અને કેટલીક સેવાઓમાં અનેક સફળતાઓ પ્રાપ્ત થઈ છે. તેમાં છ બાબતો અગત્યની બની:

(૧) હરીફાઈને પ્રોત્સાહન.
(૨) કાર્યવાહીમાં સરળતા.
(૩) સંસ્થાગત પ્રક્રિયાઓનું પુનર્ગઠન.
(૪) વિકેન્દ્રીકરણ.
(૫) રાજકીય સમર્થન.
(૬) ઉત્તરદાયિત્વ માટેની વ્યવસ્થા મજબૂત બનાવવી.

પ્રાથમિક શાળાઓ, સરકારી હોસ્પિટલો, જાહેર પરિવહન, પીવાનાં પાણીની સવલતો, જાહેર વિતરણ વ્યવસ્થા વગેરેમાં જે સુધારા કરવામાં આવ્યા તેને પરિણામે એ સેવાઓની પ્રાપ્તિ વધી છે, ગુણવત્તામાં સુધારો થયો છે, વિશ્વસનીયતા વધી છે અને સાથે સાથે અસરકારકતા પણ વધી છે.

અનેક અભ્યાસો એમ દર્શાવે છે કે આરોગ્ય સંભાળ, શિક્ષણ, વીજળી, જમીનનો વહીવટ અને પોલિસ જેવી વ્યવસ્થાઓમાં સુધારો કરવાનું હજી પણ બાકી છે કારણ કે આ સેવાઓમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે એમ ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલ નામ સંસ્થાએ તેના ૨૦૦૨ના એક અહેવાલમાં જણાવ્યું છે. એ ઉપરાંત, સહસ્રાબ્દિ વિકાસ લક્ષ્યાંકો તરફની ગતિ પણ ઘણી ધીમી હોવાનું વિશ્વ બેંકે તેના ૨૦૦૪ના એક અહેવાલમાં જણાવ્યું છે.

તમામ સુધારાઓ થયા છતાં પણ એકંદરે સમગ્ર વ્યવસ્થામાં એવી સમસ્યાઓ હજુ પણ છે કે જેથી ગરીબો માટે પૂરી પાડવામાં આવતી સેવાઓમાં મોટા પ્રમાણમાં સુધારા થયા નથી. તેથી ઘણી વાર જે સેવાઓ સીધી રીતે ગરીબોને રોજેરોજ સ્પર્શે છે તે સેવાઓ સુધારાથી બાકાત રહી ગઈ હોય એમ પણ બન્યું છે. એમ પણ કહી શકાય કે સેવાઓનો પુરવઠો પાડવાની ક્ષમતા પણ માંગના સંદર્ભમાં ઓછી છે. એટલે આ ખાઈ પુરવાનું પણ ખૂબ જ મહત્ત્વનું છે.

દા.ત. દુનિયાભરમાં પ્રસૂતા સ્ત્રીઓનાં મોત ભારતમાં સૌથી વધારે થાય છે. તેમ છતાં કેન્દ્રીય સ્તરે માતૃત્વ આરોગ્ય કાર્યક્રમો ઉપર દેખરેખ રાખવાનું કામ માત્ર ત્રણ અધિકારીઓને સોંપવામાં આવ્યું છે. સેવાઓનો પુરવઠો મોટા પ્રમાણમાં અને ગુણવત્તા સાથે પૂરો પાડવામાં આ બાબત અવરોધરુપ બને એ ખૂબ જ સ્વાભાવિક છે.

ઘણી વાર માત્ર કમ્પ્યુટરાઈઝેશન અને ટેક્નોલોજીના ઉપયોગને જ સુધારા સમજી લેવાની ભૂલ કરવામાં આવે છે. જેમ કે અનેક રાજ્યોમાં ગરીબીની રેખા નીચે જીવતાં (બીપીએલ) પરિવારોની યાદીઓ કમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવી છે. પણ શું તેનાથી ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારોને વધુ સારી સવલતો મેળવવામાં અને એ સવલતો ઝડપથી મેળવવામાં લાભ થયો ખરો?

શું ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારોની આવી કમ્પ્યુટરાઈઝ્ડ યાદીનો ઉપયોગ ગરીબીને લાભ આપતા તમામ રાજ્ય સ્તરના અને કેન્દ્રીય કાર્યક્રમો, યોજનાઓ, પરિયોજનાઓના અમલ માટે કરવામાં આવ્યો છે ખરો? માત્ર કમ્પ્યુટરાઈઝેશનથી ગરીબોની સમસ્યા ઉકલી જતી નથી તે બાબત આવા સવાલો ઊભા કરવાથી સમજી શકાય છે. એક મહત્ત્વનો મુદ્દો ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટેની વ્યવસ્થાનો છે. આ વ્યવસ્થા અત્યંત નબળી હોવાનું જણાય છે. વહીવટી તંત્રની જટિલતા અને કાર્યવાહીઓની આંટીઘૂંટી સામાન્ય નાગરિકોને માટે સમજવાનું અને તેમાંથી પોતાનું કામ પાર પાડવાનું અત્યંત મુશ્કેલ હોવાનું આજે પણ પ્રવર્તે છે.

મતદાર ઓળખ કાર્ડ મેળવવાની, રેશન કાર્ડમાં નામ દાખલ કરવાની, સહકારી મંડળીની નોંધણી કરાવવાની, પીવાના પાણી કે ગટરનું જોડાણ મેળવવાની કાર્યવાહીઓ હજુ પણ એટલી જ જટિલ અને

## આંધ્ર પ્રદેશનો માહિતી અધિકારી કાર્યક્રમ

આંધ્ર પ્રદેશની સરકારે શાસન માટે માહિતી અને સંચાર ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની પ્રક્રિયા શરૂ કરી. આ કાર્યક્રમનું નામ હતું મુખ્ય માહિતી અધિકારી કાર્યક્રમ. તેમાં મહત્ત્વના સરકારી અધિકારીઓને તાલીમ આપવાનો સમાવેશ થતો હતો કે જેથી તેઓ તેમના ખાતામાંથી વધારે સારી રીતે માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને માહિતી પ્રાપ્ત કરી શકે. અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા આ કાર્યક્રમની ડિઝાઈન તૈયાર કરવામાં આવી અને તે રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમ સંપૂર્ણ નિવાસી કાર્યક્રમ હતો. તેમાં ૮ અઠવાડિયાના વર્ગો હતાં. અને ચાર અઠવાડિયાનું પરિયોજના કાર્ય હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સહભાગી અધિકારીઓને રાજ્યના શાસનમાં માહિતી વ્યવસ્થાઓની પરિયોજનાઓના અમલ અને આયોજનમાં નેતૃત્વની ભૂમિકા અદા કરવા માટે તૈયાર કરવાનો હતો. તેઓ માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં સમગ્રલક્ષી દૃષ્ટિકોણ કેળવે તથા તમામ હિતધારકોના મતને ધ્યાનમાં લે તે પણ આ કાર્યક્રમનો ઉદ્દેશ હતો. માત્ર ટેક્નિકલ જ્ઞાનથી જ માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ સફળ થતો નથી પરંતુ વહીવટ સામાજિક, સાંસ્કૃતિક, વહીવટી અને અન્ય ફેરફારોથી સફળ થાય છે એ કેન્દ્રમાં રખાયું.

ચાર વર્ષ દરમ્યાન આવા પાંચ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને રાજ્યની વહીવટી સેવાના લગભગ ૧૨૦ મધ્ય સ્તરના અને વરિષ્ઠ સ્તરના અધિકારીઓને તેમાં તાલીમ આપવામાં આવી. આંધ્ર પ્રદેશમાં ઈ-શાસનની પરિયોજનાઓના ઘડતરમાં અને અમલમાં આ અધિકારીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી.

ગુંચવાડાભરી છે તેને પરિણામે પારદર્શિતા ઓછી ઊભી થાય છે અને વિવિધ કાર્યો માટે એજન્ટોની પ્રથા વિકસતી જાય છે. આર.ટી.ઓ.ના કોઈ પણ કાર્ય માટે એજન્ટ હોવો જાણે કે અનિવાર્ય બની ગયો છે. ડ્રાઈવિંગ લાયસન્સ માટેનું સ્માર્ટ કાર્ડ આવ્યું છે ખરું પણ તેથી એજન્ટ પ્રથા દૂર થઈ નથી.

કામ ઝડપથી થાય તે માટે નાગરિકોને લાંચ આપવી પડે તેવા પ્રકારની પરિસ્થિતિ લગભગ તમામ સેવાઓના સંદર્ભમાં પ્રવર્તે છે. આથી આમ આદમીની મૂંઝવણોનો ઉકેલ સરકારી સેવાઓના સંદર્ભમાં પ્રાપ્ત થઈ ચૂક્યો છે એવું સમજી શકાય તેમ નથી. ઉત્તરદાયિત્વની સાથે સાથે બીજી એક સમસ્યા સરકારી સેવાઓનું આયોજન, અમલ, દેખરેખ અને મૂલ્યાંકનમાં નાગરિકોની ભાગીદારીની અથવા સહભાગિતાની છે. દરેક સ્તરની સરકારે આવી સહભાગિતા ઊભી કરવા માટેની વ્યવસ્થાઓ અને તંત્રો ઊભાં કરવાં પડે તેમ છે. ગ્રામ પંચાયત કક્ષાએ ગ્રામ સભા એક આવું તંત્ર છે.

એ જ રીતે નગર કક્ષાએ વોર્ડ સભા આવું તંત્ર છે. ઉપરાંત, પંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિઓ અને નગરો તથા મહાનગરોમાં વિવિધ પ્રકારની કાનૂની ધોરણે રચાયેલી સમિતિઓ આ પ્રકારની વ્યવસ્થાઓ પૂરી પાડે છે. પરંતુ માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓની જ ભાગીદારી ઊભી કરવાને બદલે નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનોની સહભાગિતા ઊભી થાય તે માટે દરેક સ્તરની સરકારે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

જળસ્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ સફળ થયો તેનું એક મહત્ત્વનું કારણ તેમાં વિચાર, આયોજન, અમલ અને દેખરેખ તથા મૂલ્યાંકન એમ તમામ સ્તરે લોકોની ભાગીદારી હતી તે હતું. જે રીતે આ કાર્યક્રમ સફળ થયો તે રીતે વિવિધ સેવાઓ પૂરી પાડવાની બાબતમાં પણ નાગરિકોની ભાગીદારી ઊભી કરવાના પ્રયાસો વિશેષ પ્રમાણમાં કરવાની આવશ્યકતા જણાય છે.

વપરાશકારોનાં સંગઠનો અથવા ગ્રાહકોનાં સંગઠનો સાથેનો સંવાદ આમાં વપરાશ અને પુરવઠા અંગેની સમસ્યાઓ દૂર કરવામાં તથા સેવાની વાજબી કિંમત નક્કી કરવામાં અને તે એકત્ર કરવામાં ઉપયોગી થાય છે. માત્ર સેવાનો ભાવ વધારો નાગરિકોને ચિંતિત કરે છે ત્યારે નાગરિકો કેવી રીતે વધુ સારી ગુણવત્તાવાળી સેવાઓ પ્રાપ્ત કરશે તેનો ખ્યાલ સહભાગિતાથી જ ઊભો થઈ શકે તેમ છે.

દેશમાં ગ્રામ અને શહેરી વિસ્તારોમાં ગરીબોની સમસ્યાઓ દૂર કરવા માટે સેવાઓમાં સુધારો કરવો એ એક અગત્યનો ઉપાય છે એમાં કોઈ શંકા નથી. માળખાગત સવલતો સુધરે, ટકે અને મજબૂત બને તે સામાજિક સવલતોના સુધારા જેટલી જ મહત્ત્વની બાબત છે. પરંતુ માત્ર પ્રક્રિયા ઉપર ધ્યાન આપવાને બદલે અમલદારો અને રાજકારણીઓએ તેના અંતિમ પરિણામ ઉપર વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે. એમ જણાય છે કે સહભાગિતા અને ઉત્તરદાયિત્વના નવતર પ્રયોગો તમામ વિસ્તારોમાં ગરીબો માટે વધુને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવશે.

**સંદર્ભ:** રિફોર્મિંગ પબ્લિક સર્વિસિસ ઈન ઈન્ડિયા, એ વર્લ્ડ બેંક રિપોર્ટ, સેજ પબ્લિકેશન્સ - નવી દિલ્લી, ૨૦૦૬.

# રાષ્ટ્રીય સ્વૈચ્છિક ક્ષેત્ર નીતિ

ભારત સરકારના આયોજન પંચના સ્વૈચ્છિક કાર્ય વિભાગે મે, ૨૦૦૭માં રાષ્ટ્રીય સ્વૈચ્છિક ક્ષેત્ર નીતિની જાહેરાત કરી છે. તેમાં તેના હેતુઓ દર્શાવવામાં આવ્યા છે અને સાથે સાથે વિકાસના સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે સરકારની ભાગીદારી કેવી રીતે થઈ શકે તેનાં નીતિ વિષયક પાસાં ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આ નીતિનો અક્ષરશઃ અનુવાદ અહીં આપવામાં આવ્યો છે. ઉપરાંત, ‘પ્રિયા’ના સ્થાપક શ્રી રાજેશ ટંડનનાં આ નીતિ વિશેનાં મંતવ્યો પણ અહીં આપવામાં આવ્યાં છે.

## ૧. આમુખ

**૧.૧** આ નીતિ સ્વતંત્ર, સર્જનાત્મક અને અસરકારક સ્વૈચ્છિક ક્ષેત્રને તેનાં કાર્યો અને સ્વરૂપની વિવિધતા સાથે પ્રોત્સાહન આપવા, સક્ષમ બનાવવા અને શક્તિશાળી બનાવવા પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે કે જેથી તે ભારતના લોકોની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિમાં ફાળો આપી શકે.

**૧.૨** સ્વૈચ્છિક ક્ષેત્રે ગરીબી, વંચિતતા, ભેદભાવ અને બાદબાકીના જાગૃતિ ઊભી કરવા દ્વારા, સામાજિક સંગઠન દ્વારા, સેવાના પુરવઠા દ્વારા અને તાલીમ, સંશોધન તથા હિમાયત દ્વારા નવતર ઉકેલો શોધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. સ્વૈચ્છિક ક્ષેત્ર લોકો અને સરકાર વચ્ચે અસરકારક બિન-રાજકીય કડી તરીકે કામ કરતું રહ્યું છે. આ નીતિ સ્વૈચ્છિક ક્ષેત્રે વિવિધ ક્ષેત્રોમાં જે મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે તેને માન્ય રાખે છે અને સરકાર દ્વારા તેમ જ ખાનગી ક્ષેત્ર દ્વારા સ્થાનિક, પ્રાંતીય અને રાષ્ટ્રીય સ્તરે સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે સહયોગ સાધવાની વધતી જરૂરિયાતને સ્વીકારે છે.

## ૨. નીતિનું કાર્યક્ષેત્ર

**૨.૧** નીતિમાં સ્વૈચ્છિક સંગઠનોમાં એવાં સંગઠનોનો સમાવેશ થયો છે કે જેઓ વંશીય, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, આધ્યાત્મિક, સખાવતી કે વૈજ્ઞાનિક અને તકનિકી બાબતોને ધ્યાનમાં રાખીને જાહેર સેવામાં સંકળાયેલાં છે. સ્વૈચ્છિક સંગઠનોમાં ઔપચારિક તેમ જ અનૌપચારિક જૂથોનો સમાવેશ થાય છે. જેમ કે, સમુદાય-આધારિત સંગઠનો, બિન-સરકારી વિકાસલક્ષી સંગઠનો, સખાવતી સંગઠનો, સમર્થક સંગઠનો, આવાં સંગઠનોનાં નેટવર્ક્સ કે મહામંડળો તેમ જ વ્યવસાયી સભ્યપદ ધરાવતાં મંડળો.

**૨.૨** આ નીતિ હેઠળ આવરી લેવાય તે માટે સ્વૈચ્છિક સંગઠનોમાં એકંદરે નીચે મુજબનાં લક્ષણો હોવાં જોઈએઃ

(ક) તેઓ ખાનગી હોય એટલે કે, સરકારથી અલગ હોય.
(ખ) જે નફો ઊભો થયો હોય તે તેઓ તેમના માલિકો કે ડિરેક્ટરોને પાછો ન આપતાં હોય.
(ગ) તે આપમેળે ચાલતાં હોય એટલે કે સરકાર દ્વારા અંકુશિત ન હોય.
(ઘ) તેઓ નોંધાયેલાં સંગઠનો હોય કે અનૌપચારિક જૂથો હોય, તેમનાં નિશ્ચિત ધ્યેયો અને હેતુઓ હોય.

## ૩. નીતિના હેતુઓ

**૩.૧** નીતિના નિશ્ચિત હેતુઓ નીચે આપવામાં આવ્યા છેઃ

૩.૧.૧ સ્વૈચ્છિક સંગઠનો માટે તેમને સાનુકૂળતા કરી આપતું પર્યાવરણ ઊભું કરવું કે જે તેમની સાહસિકતા અને અસરકારકતાને પ્રજ્જવલિત કરે અને તેમની સ્વાયત્તતાનું રક્ષણ કરે.

૩.૧.૨ ભારત અને વિદેશમાંથી જરૂરી નાણાકીય સંસાધનો કાનૂની રીતે પ્રાપ્ત કરવા માટે સ્વૈચ્છિક સંગઠનોને સક્ષમ બનાવવાં.

૩.૧.૩ એવી વ્યવસ્થાઓ ઓળખી કાઢવી કે જેથી સરકાર પારસ્પરિક વિશ્વાસ અને આદરના સિદ્ધાંતોને આધારે સહિયારી જવાબદારી સાથે સ્વૈચ્છિક સંગઠનો સાથે કામ કરે.

૩.૧.૪ સ્વૈચ્છિક સંગઠનોને શાસન અને સંચાલનની પારદર્શી અને ઉત્તરદાયી વ્યવસ્થા સ્વીકારવા માટે પ્રોત્સાહન આપવું.

આ હેતુઓ સિદ્ધ કેવી રીતે થઈ શકે તેનું વિગતવાર વર્ણન નીચેના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

## ૪. સ્વૈચ્છિક ક્ષેત્ર માટે સાનુકૂળ પર્યાવરણની સ્થાપના

**૪.૧** સ્વૈચ્છિક સંગઠનોની સ્વતંત્રતા તેમને જે સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો જાહેર હિતની સામે કામ કરતાં હોય તેમને પડકારવા વિકાસના વૈકલ્પિક માળખાં ખોજવા માટેનો અને ગરીબી, વંચિતતા તથા અન્ય સામાજિક સમસ્યાઓ ખાળવા માટેના નવા માર્ગો શોધવા માટેનો માહોલ ઊભો કરે છે. તેથી એ મહત્ત્વનું છે કે સ્વૈચ્છિક સંગઠનો સાથે સંબંધિત તમામ કાયદાઓ, નીતિઓ, નિયમો અને નિયમનો તેમનું ઉત્તરદાયિત્વ ઊભું કરવાની સાથે સાથે તેમની સ્વાયત્તતાનું સ્પષ્ટ રક્ષણ કરતાં હોવાં જોઈએ.

૪.૨ સ્વૈચ્છિક સંગઠનો કેન્દ્રીય કે રાજ્યના કાયદાઓ હેઠળ મંડળીઓ, સખાવતી ટ્રસ્ટો કે બિન-નફાજનક કંપનીઓ તરીકે નોંધાયેલાં હોઈ શકે છે. કેટલાંક રાજ્યોએ ૧૮૬૦ના સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટનો સુધારાઓ સાથે સ્વીકાર કરેલો છે જ્યારે બીજાં કેટલાંક રાજ્યો તેમના સ્વતંત્ર કાયદાઓ ધરાવે છે. એ જ રીતે, સખાવતી ટ્રસ્ટો સંબંધી કાયદાઓ રાજ્યે રાજ્યે જુદા જુદા છે. સમયાંતરે આમાંના ઘણા બધા કાયદાઓ અને તેમની સાથેના સંબંધિત નિયમો ખૂબ જટિલ અને નિયંત્રક બની ગયાં છે અને તેથી વિલંબ, સતામણી અને ભ્રષ્ટાચાર ઊભાં થયાં છે. સરકાર અને સ્વૈચ્છિક ક્ષેત્ર વચ્ચેની નોડલ એજન્સી તરીકે આયોજન પંચ રાજ્ય સરકારો તેમના પ્રવર્તમાન કાયદાઓ અને નિયમોની સમીક્ષા કરે અને શક્ય હોય ત્યાં સુધી તેમને સરળ બનાવે, ઉદાર બનાવે અને તેમનું નવીનીકરણ કરે તે માટે તેમને પ્રોત્સાહન આપશે. બિન-નફાજનક કંપનીઓની નોંધણીને સુગમ બનાવવા માટે સરકાર કંપની ધારા-૧૯૫૬ની કલમ-૨૫ હેઠળની પરવાનો, નોંધણી અને સભ્ય-કર્મચારીઓને વળતર સહિતની કાર્યવાહીને સરળ બનાવવા માટેનાં પગલાં વિચારી જશે.

૪.૩ સરકાર સ્વૈચ્છિક સંગઠનોની અને ખાસ કરીને જેઓ દેશના જુદા જુદા ભાગોમાં તથા વિદેશોમાં પણ કામ કરવા ઈચ્છતાં હશે તેવાં સ્વૈચ્છિક સંગઠનોની નોંધણી માટે સમગ્ર ભારત માટે એક વૈકલ્પિક કાયદો ઊભો થાય તેવો સરળ અને ઉદાર કાયદો ઘડવાના ઔચિત્યને પણ તપાસસે. આવો કાયદો કેન્દ્રના પ્રવર્તમાન અને રાજ્યના પ્રવર્તમાન કાયદાઓની સાથે અસ્તિત્વમાં આવશે. તેથી સ્વૈચ્છિક સંગઠન તેની પ્રવૃત્તિઓના ક્ષેત્ર અને સ્વરૂપને આધારે કોઈ એક કે તેથી વધુ કાયદાઓ હેઠળ નોંધણી કરવાનો વિકલ્પ ધરાવશે.

૪.૪ સ્વૈચ્છિક ક્ષેત્ર અને ખાસ કરીને તેનાં શાસન, ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા વિશે ખાસ્સી જાહેર ચર્ચા ઊભી થયેલી છે. એમ વ્યાપકપણે માનવામાં આવે છે કે સ્વૈચ્છિક ક્ષેત્રે સાનુકૂળ સ્વનિયમન દ્વારા આ મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું જોઈએ. સ્વૈચ્છિક ક્ષેત્ર માટેની સ્વતંત્ર, રાષ્ટ્રીય સ્તરની અને સ્વનિયમનકારી સંસ્થા ઊભી થાય તેને અને પછીથી તેને માન્યતા આપવાને સરકાર પ્રોત્સાહન આપશે.

૪.૫ સાથે સાથે સ્વૈચ્છિક ક્ષેત્રને વધુ જાહેર તપાસ માટે ખુલ્લું કરીને તેનામાં લોકોનો વિશ્વાસ મજબૂત થાય તેની જરૂર છે. સરકાર એવાં સ્વૈચ્છિક સંગઠનોના સંદર્ભમાં પાયાના દસ્તાવેજો પૂરા પાડવા માટેનાં ધોરણો દાખલ કરવા કેન્દ્રીય અને રાજ્ય સ્તરની સંસ્થાઓને પ્રોત્સાહન આપશે કે જે સરકારી સંસ્થાઓ પાસેથી નાણાકીય ભંડોળ પ્રાપ્ત કરી રહ્યાં છે. આ ધોરણો ઈન્ટરનેટ દ્વારા આસાનીથી જાહેર ક્ષેત્રમાં મુકાય અને તેથી લોકો તેના ઉપર નજર ફેંકે તેવી ભાવના તેમાં હોય.

૪.૬ સ્વૈચ્છિક ક્ષેત્ર માટે જાહેર દાન નાણાકીય ભંડોળ માટેનું મહત્ત્વનું સ્રોત છે અને તે મોટા પ્રમાણમાં વધી શકે છે અને વધવું જોઈએ. આ પ્રક્રિયામાં કરવેરામાં આપવામાં આવતાં પ્રોત્સાહનો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દેશમાં આજે સ્ટોક અને શેર સંપત્તિનું એક મહત્ત્વનું સ્વરૂપ બન્યાં છે. સ્વૈચ્છિક સંગઠનોને શેર અને સ્ટોક ઓપ્શન્સની તબદિલીને પ્રોત્સાહન આપવા માટે સરકાર દાનના આ સ્વરૂપ માટે સાનુકૂળ કર રાહત આપવા વિચારશે. સરકાર આવક વેરા ધારા હેઠળ સખાવતી પરિયોજનાઓને કર આવક વેરામાંથી મુક્તિ આપવાની પદ્ધતિને સરળ બનાવવાનો અને સુધારવાનો પ્રયત્ન પણ કરશે. સાથે સાથે સરકાર આ પ્રોત્સાહનોનો પાટિયાં મંડળો દ્વારા ખાનગી નાણાકીય લાભ માટે દુરુપયોગ ન થાય તે જોવા વહીવટી અને દંડાત્મક કાર્યવાહી કડક બનાવવાનું પણ વિચારશે.

૪.૭ દેશનાં સ્વૈચ્છિક સંગઠનો માટે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ નાનો પણ મહત્ત્વનો ભાગ આ સંગઠનોને ટેકો આપવામાં અને તેમના કામમાં ભજવે છે. વિદેશી નાણાકીય ભંડોળ ઈચ્છતા સ્વૈચ્છિક સંગઠને વિદેશી પ્રદાન નિયમન ધારા (એફસીઆરએ) હેઠળ નોંધણી કરાવવી જ પડે છે. આ કાયદો છાનબીન અંગેનાં કડક ધોરણો અપનાવે છે અને તેને પરિણામે ઘણી વાર સ્વૈચ્છિક સંગઠનોની વિદેશી નાણાં પ્રાપ્ત કરવાની ક્ષમતા ઉપર નિયંત્રણ આવે છે. જ્યારે મંજૂરી અપાય છે ત્યારે એક જ બેંક એકાઉન્ટમાં ભંડોળ હોવું જોઈએ વગેરે જેવી સમસ્યાઓ ઊભી થાય છે અને એ રીતે સ્વૈચ્છિક સંગઠનોને અનેક સ્થળોએ કામ કરવામાં ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે. સરકાર એફસીઆરએની સમીક્ષા કરશે અને સ્વૈચ્છિક સંગઠનોને લાગુ પડતી તેની જોગવાઈઓ સરળ કરશે. તે માટે સમયાંતરે સંબંધિત મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવનારા સંયુક્ત મસલતી જૂથ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવશે.

૪.૮ કેન્દ્ર સરકારે સામાજિક અને આર્થિક રીતે મહત્ત્વની પરિયોજનાઓ માટે સ્વૈચ્છિક સંગઠનોને સીધી સહાય આપવા માટે દ્વિપક્ષી સંસ્થાઓ માટે માર્ગરેખાઓ ઘડી છે. તે આવાં ભંડોળ અને તેમના ઉપયોગ ઉપર એફસીઆરએ દ્વારા અને આર્થિક બાબતોના વિભાગના નિયમનો દ્વારા નિયંત્રણ મૂકે છે. આ વ્યવસ્થાને સંબંધિત મંત્રાલય દ્વારા સ્થપાનારા સંયુક્ત મસલતી જૂથ સાથે વિચારવિમર્શ કરીને સરળ બનાવવાની જરૂર છે.

૪.૯ સરકાર તમામ પ્રસ્તુત કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંસ્થાઓને

# અજ્ઞાત નીતિ એ નીતિ ન હોવા બરાબર છે

**- શ્રી રાજેશ ટંડન**

*તા.૩.૬.૨૦૦૭ના ‘બીઝનેસ સ્ટાન્ડર્ડ’ અખબારને આપેલી એક મુલાકાતમાં ‘પ્રિયા’ના સ્થાપક શ્રી રાજેશ ટંડને સ્વૈચ્છિક ક્ષેત્ર અંગેની સરકારની નીતિ વિશે જે મંતવ્યો આપ્યાં હતાં તે અહીં રજૂ કરવામાં આવ્યાં છે. અખબારમાં રજૂ થયેલી પ્રશ્નોત્તરી અક્ષરશઃ નીચે મુજબ છેઃ*

**પ્રશ્નઃ બિન-સરકારી સંગઠનો અંગેની જે નવી નીતિને પ્રધાનમંડળે મંજૂરી આપી છે તે વ્યાપક રીતે શું જણાવે છે?**

સરકારે પહેલી જ વાર આવી નીતિ બનાવી છે. બીજું, આ નીતિ બિન-સરકારી સંગઠનોની સૌથી વધુ સમાવેશી વ્યાખ્યા આપે છે. સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, સામાજિક અને શૈક્ષણિક બાબતો ઉપર આધારિત જાહેર સેવાઓ પૂરી પાડનારાં સંગઠનો, અનૌપચારિક જૂથો, સખાવતી સંસ્થાઓના નેટવર્ક્સ અને ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસીએશન જેવાં સંગઠનનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રશ્નઃ હવે તમને કયા મહત્ત્વના ફેરફારો ભવિષ્યમાં આવશે તેમ દેખાય છે?**

આ નીતિનો હેતુ બિન-સરકારી સંગઠનો માટે સાનુકૂળ પર્યાવરણ ઊભું કરવાનો છે. રજિસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એક્ટ અને આવક વેરા ધારાને આધુનિક બનાવવાની અને સુધારવાની જરૂર છે. નીતિમાં આ બાબત સ્વીકારવામાં આવી છે. તે એમ જણાવે છે કે સરકાર નોંધણી અંગેના કાયદાઓને સુગમ બનાવવાનાં, સુધારવાનાં અને ઉદાર બનાવવાનાં પગલાં તપાસી જશે. સોસાયટી તરીકે નોંધાયેલાં તમામ સંગઠનોને આવક વેરાની મુક્તિ આવરી લે છે. એટલે જેઓ કોઈ સખાવત કરતાં નથી તેમને પણ કરવેરામાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્નઃ વિદેશી પ્રદાન નિયમન ધારા સુધારા ખરડો (એફસીઆરએ સુધારા ખરડો) જે ટીકાઓનો સામનો કરી રહ્યો છે તેના વિશે શું?**

જેઓ વિદેશી ભંડોળ પ્રાપ્ત કરે છે તેમને જ આ બાબત સંબંધિત છે. નીતિ એમ જણાવે છે કે તે સંયુક્ત મસલતી જૂથ સાથેની ચર્ચા વિચારણા દ્વારા તેની સમીક્ષા કરશે. આ જૂથમાં બિન-સરકારી સંગઠનો પણ હશે. તેનો અર્થ એ છે કે બિન-સરકારી સંગઠનોનો અવાજ એ બાબતોમાં હશે કે જે તેમની સાથે સંબંધિત છે.

**પ્રશ્નઃ શું રાજ્ય સરકારો હવે નોંધણી અંગેના તેમના કાયદાઓ બદલશે ખરી?**

અમે એવી આશા રાખીએ છીએ અને તેને માટે અમે ઝુંબેશ ચલાવીશું. દા.ત. તામિલનાડુમાં સરકારે દરેક બિન-સરકારી સંગઠનના સંચાલક મંડળમાં સરકારી અધિકારી ફરજિયાતપણે હોય તે માટે તેના નોંધણીના કાયદામાં સુધારો કર્યો છે. સુનામી આવ્યા બાદ ભંડોળ આવવાની શરૂઆત થઈ તે પછી આ થયું. દખલગીરીનું આ સૌથી વરવું ઉદાહરણ છે. અને બિન-સરકારી સંગઠનોમાં સહકારી મંડળીઓમાં જેમ બન્યું છે તેમ સરકારની વધુ પડતી સામેલગીરી તરફ તે દોરી જશે. ઉત્તર પ્રદેશમાં બિન-સરકારી સંગઠનો એ દર પાંચ વર્ષે તેમની નોંધણી તાજી કરાવવી પડે છે. ઉત્તરાખંડમાં દરેક બિન-સરકારી સંગઠનને ફરીથી નોંધણી કરવાનું જણાવવામાં આવ્યું. તેથી અમે ઈચ્છીએ છીએ કે કેન્દ્ર એક નમૂનારૂપ કાયદો ઘડે અને બધાં રાજ્યો તે સ્વીકારે. પરંતુ આ બધી બાબતો પહેલાં આ નીતિનો તમામ રાજ્યોમાં પ્રચાર પ્રસાર થવો જોઈએ. વડા પ્રધાને પોતે જ તેની જાહેરાત કરવી જોઈએ અને મુખ્ય પ્રધાનોને તેને વિશે લખવું જોઈએ. અજ્ઞાત નીતિ એ નીતિ ન હોવા બરાબર છે.

**પ્રશ્નઃ બિન-સરકારી સંગઠનો માટે વિશ્વસનીયતાનાં ધોરણો અને ધોરણોની સ્થાપના વિશે શું?**

એક જ જોડું બધાને માટે અનુકૂળ ન થાય. ખાસ કરીને જ્યારે બિન-સરકારી સંગઠનો માટે વિશ્વસનીયતનાં ધોરણો નક્કી કરવાની વાત હોય ત્યારે આ બાબત લાગુ પડે છે. તાજેતરમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા તાજેતરમાં એમ કહેવામાં આવ્યું કે આંતરરાષ્ટ્રીય ધોરણોનો સ્વીકાર કરવો જોઈએ. કોઈ એવું ન કહી શકે કે જો પ્રાઈસવોટરહાઉસ કૂપર્સ જો કોઈ બિન-સરકારી સંગઠનનું ઓડિટ કરે તો સમસ્યા ઉકલી જશે. કોઈક અંતરિયાળ ગામમાં કામ કરનારા નાના જૂથને તે પોસાઈ શકે નહીં.

**પ્રશ્નઃ તો પછી ઉકેલ શું છે?**

અમે ૨૦૦૦ બિન-સરકારી સંગઠનોના જૂથ એવા ‘વાણી’ ખાતે નિષ્ણાતોનું એક જૂથ બનાવીને પ્રયાસ કરી રહ્યા છીએ કે જે વિવધ પ્રકારનાં બિન-સરકારી સંગઠનોને વિવધ અભિગમો લાગુ પાડવા માટેના માર્ગો શોધી કાઢે.

*વધુ વિગતો માટેઃ* http://www.pria.org

સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે રચનાત્મક સંબંધો વિશે સેવા કાળ પહેલાં અને સેવા કાળ દરમ્યાનની તાલીમનાં સત્રો દાખલ કરવા માટે પ્રોત્સાહન આપશે. આવી સંસ્થાઓએ સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે કામ કરવા માટે સમયબદ્ધ કાર્યવાહી દાખલ કરવી જોઈએ. તેમાં નોંધણી, આવક વેરાની મંજૂરી, નાણાકીય સહાય વગેરેનો સમાવેશ થાય. સ્વૈચ્છિક સંગઠનોની ફરિયાદો નોંધવા માટે અને તેમના ઉકેલ માટે ઔપચારિક વ્યવસ્થા હોય.

## ૫. વિકાસમાં ભાગીદારી

**૫.૧** સ્વૈચ્છિક ક્ષેત્ર વિકાસની પ્રક્રિયામાં ખાસ કરીને સામુદાયિક સહભાગિતા દ્વારા મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સ્વૈચ્છિક સંગઠનો વૈકલ્પિક દૃષ્ટિકોણ, પ્રતિબદ્ધ નિષ્ણાત જ્ઞાન, સ્થાનિક તકો અને અવરોધો વિશેની સમજ અને કદાચ સૌથી મહત્ત્વની બાબત તે સમુદાયો અને ખાસ કરીને લાભવંચિત લોકો સાથે અર્થપૂર્ણ સંવાદ હાથ ધરવાની ક્ષમતા આપી શકે છે. તેથી એ અનિવાર્ય છે કે સરકાર અને સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે મળીને કાર્ય કરે. જ્યાં ઉચિત હોય ત્યાં આવી ભાગીદારીમાં પંચાયતી રાજની સંસ્થાઓ, પાલિકાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રનાં સંગઠનોનો પણ સમાવેશ કરી શકાય.

**૫.૨** સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોની ભાગીદારીનો અર્થ એ છે કે સહિયારા લક્ષ્યાંકો ઓળખી કાઢવા અને પૂરક ભૂમિકાઓ નક્કી કરવી. પારસ્પરિક વિશ્વાસ અને આદરના પાયાના સિદ્ધાંતો ઉપર તે આધારિત હોય અને સહિયારી જવાબદારી તથા સત્તા તેમાં હોય. આ સિદ્ધાંતો ભાગીદારીની કાર્યશરતોમાં સ્પષ્ટ હોવાં જોઈએ. સહયોગની ઔપચારિક અને અનૌપચારિક વ્યવસ્થાઓમાં પણ તે સ્પષ્ટ હોવા જોઈએ.

**૫.૩** આ નીતિ ભાગીદારીનાં ત્રણ સાધનો સ્વીકારે છે:

૧. વિચાર-વિમર્શ. કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સંવાદની ઔપચારિક પ્રક્રિયા દ્વારા તે થાય.
૨. લાંબે ગાળે પણ ટકે તેવાં સામાજિક એકત્રીકરણનું મહત્ત્વ હોય ત્યાં જટિલ દરમ્યાનગીરીઓ હાથ ધરવા માટે વ્યૂહાત્મક સહયોગ.
૩. ધોરણીકૃત યોજનાઓ દ્વારા પરિયોજના માટે નાણાં આપવાં.

સરકાર એ બાબતની કાળજી લેશે કે આ ભાગીદારીનાં ત્રણ સાધનો ઉપર મંત્રાલયો અને રાજ્યો દ્વારા તૈયાર કરવામાં આવતી વાર્ષિક યોજનાઓમાં યોગ્ય ધ્યાન આપવામાં આવે. નીચેના ફકરાઓમાં આ ત્રણ સાધનોના સંદર્ભમાં જે પગલાં ભરાશે તેની ચર્ચા કરવામાં આવી છે.

**૫.૪** સરકાર કેન્દ્ર સરકારનાં સંબંધિત ખાતાં અને રાજ્ય સરકારો સ્વૈચ્છિક ક્ષેત્ર અને સરકારના પ્રતિનિધિઓનાં સંયુક્ત મસલતી જૂથો, મંચો કે સંયુક્ત તંત્ર સ્થાપવાને પ્રોત્સાહન આપશે. તે જિલ્લા વહીવટી તંત્રો, જિલ્લા આયોજન મંડળો, જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થાઓ, જિલ્લા પંચાયતો અને સ્થાનિક સરકારોને એમ કરવા માટે પ્રોત્સાહન આપશે. આ જૂથો કાયમી મંચ તરીકે કામ કરશે. તેઓ સાથે મળીને કામ કરવા માટેની તકો અને વ્યવસ્થાઓ ઓળખી કાઢવા માટે તથા મંતવ્યો, વિચારો અને માહિતીની આપ-લે કરવાના સ્પષ્ટ આદેશ સાથે કામ કરશે. સરકાર આ જૂથો કે મંચોમાં વિવિધ પ્રકારનાં સ્વૈચ્છિક સંગઠનોની સામેલગીરી થાય તે માટે સાનુકૂળ વ્યવસ્થા દાખલ કરશે.

**૫.૪.૧** સ્વૈચ્છિક ક્ષેત્રની કુશળતાનો ઉપયોગ મહત્ત્વના પ્રશ્નોના ઉકેલ માટે સમયે સમયે સરકાર દ્વારા જે સમિતિઓ, કાર્યદળો અને સલાહકાર સમિતિઓની રચના કરવામાં આવશે તેમાં સ્વૈચ્છિક ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરીને કરવામાં આવશે.

**૫.૫** દેશ વિવિધ પ્રકારની જટિલ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. તેમને માટે વધારે સ્વીકૃત અને બહુક્ષેત્રીય ઉકેલોની જરૂર છે કે જ્યાં ખાસ કરીને ટકાઉપણે સામાજિક એકત્રીકરણ મહત્ત્વનું હોય. તેમાં ગરીબીનું નિવારણ, કૌશલ્ય અને પ્રોત્સાહન, સાહસિકતાનો વિકાસ, મહિલાઓની અધિકારિતા, વસ્તીમાં સ્થિરતા, એચ.આઈ.વી. અને એઈડ્સનો સામનો, જળ સંસાધનોનું સંચાલન, પ્રાથમિક શિક્ષણ અને વન સંચાલન જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રોમાં સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો વચ્ચે વ્યૂહાત્મક સહયોગની તાતી જરૂર છે. તે માટે લાંબા ગાળાના રાષ્ટ્રીય કાર્યક્રમો હાથ ધરાય અને તેમના હેતુઓ સિદ્ધ કરવા માટે અનેક પ્રકારની વ્યૂહરચનાઓ, પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવામાં આવે. સરકાર સ્વૈચ્છિક સંગઠનો સાથે ભાગીદારીમાં અમલમાં મૂકવામાં આવનારા રાષ્ટ્રીય કાર્યક્રમો ઓળખી કાઢશે. આવા દરેક રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભૂતકાળમાં સારું કાર્ય કરનારા અને કંઈક અંશે મોટા પાયા પર કામ કરવાની શક્તિ ધરાવનારા પ્રતિષ્ઠિત અને મધ્યમ કે મોટા કક્ષાના સ્વૈચ્છિક સંગઠનોને સામેલ કરવામાં આવશે. સરકાર આવા રાષ્ટ્રીય કાર્યક્રમોને યોજનાકીય દસ્તાવેજોમાં યોગ્ય મહત્ત્વ અપાય તે જોશે.

**૫.૬** સરકાર અને સ્વૈચ્છિક ક્ષેત્ર વચ્ચેની ભાગીદારીનું ત્રીજુ સાધન પરિયોજના માટે નાણાંની વ્યવસ્થાનું છે. ખૂબ મોટી સંખ્યામાં સરકારી સંસ્થાઓ સ્વૈચ્છિક સંગઠનોને નાણાકીય સહાય આપવા માટેની યોજનાઓ ચલાવે છે. આ યોજનાઓ સામાન્ય રીતે સર્વેક્ષણ, સંશોધન,

કાર્યશાળાઓ, દસ્તાવેજીકરણ, જાગૃતિ, તાલીમ અને જાહેર કલ્યાણની સવલતો ઊભી કરવા અને ચલાવવા સાથે સંબંધિત એવી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત છે હોય છે. પરિયોજનાઓ માટેનું અનુદાન સરકારને પોતાની સીધી સામેલગીરી વિના જ તેની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટેનું એક ઉપયોગી સાધન બને છે. નાનાં અને મધ્યમ કક્ષાનાં સ્વૈચ્છિક સંગઠનોને ટેકો આપવા માટે આવું અનુદાન મહત્ત્વનું સ્રોત બને છે. તેમ છતાં આવા સહાયક અનુદાનવાળી યોજનાઓની અસરકારકતા અંગે વાજબી રીતે જ ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. નાણાં આપવાની યોજનાઓની જરીપુરાણી પદ્ધતિ, આડેધડ કાર્યવાહીઓ, અયોગ્ય સ્વૈચ્છિક સંગઠનોની પસંદગી, યોગ્ય અમલ ન થવો અને નાણાંનો દુરુપયોગ વગેરે જેવાં કેટલાંક કારણો આવાં અનુદાનના હેતુઓને પાર પડવા દેતાં નથી. સંબંધિત સરકારી સંસ્થાઓને સ્વૈચ્છિક સંગઠનોને આપવામાં આવેલાં જાહેર ભંડોળ ઉપર યોગ્ય દેખરેખ રાખવા માટે અને ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

**૫.૬.૧** કેટલીક કેન્દ્રીય સંસ્થાઓએ પરિયોજના માટે અનુદાન આપવાની પ્રક્રિયાને વિકેન્દ્રિત કરીને સારાં પરિણામો સિદ્ધ કર્યાં છે. સીધી રીતે વિવિધ યોજનાઓને વહીવટ કરવાને બદલે તેઓ પ્રાદેશિક કે રાજ્ય સ્તરની વચગાળાની સંસ્થાઓને તેમના વતી એ યોજનાઓનો અમલ કરવા માટે નિયુક્ત કરે છે. તેનાથી સ્વૈચ્છિક સંગઠનોની વધારે સારી પસંદગી અને દેખરેખ માટે મજબૂત સંવાદ ઊભો થાય છે. આ વચગાળાની સંસ્થાઓમાં સ્વૈચ્છિક સંગઠનોનાં મંડળો, વ્યવસાયી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રાજ્ય સરકારની સંસ્થાઓ કે બહુહિતધારક સ્થાયી સમિતિઓનો સમાવેશ થાય છે. સરકાર આવી વિકેન્દ્રીત અનુદાન આપવાની પદ્ધતિના અનુભવની સમીક્ષા કરશે અને કેન્દ્રીય સંસ્થાઓ માટે યોગ્ય ભલામણો કરશે.

**૫.૬.૨** એમ માનવાને કારણ છે કે સ્વૈચ્છિક સંસ્થાઓને માન્યતા (એક્રેડિટેશન) આપવાથી ભંડોળ આપવા અંગે વધુ સારા નિર્ણયો લઈ શકાશે અને ભંડોળ આપવાની પ્રક્રિયા વધુ પારદર્શક બનશે. ઉપરાંત, આવી માન્યતા સ્વૈચ્છિક સંગઠનોને વધુ સારા શાસન, સંચાલન અને કામગીરી માટે પ્રોત્સાહન પણ પૂરું પાડી શકે છે. સરકાર સ્વૈચ્છિક ક્ષેત્ર સહિતની વિવિધ સંસ્થાઓને આવી માન્યતા માટેની વૈકલ્પિક પદ્ધતિઓ વિકસાવવા માટે પ્રોત્સાહન આપશે. આવી પદ્ધતિઓ વિશે વ્યાપક ચર્ચા થાય અને સ્વૈચ્છિક ક્ષેત્રમાં તે સ્વીકાર પામે તે માટે સમય આપવામાં આવશે અને તે પછી જ સ્વૈચ્છિક સંગઠનોને સરકારી અનુદાન આપવાના સંદર્ભમાં તે લાગુ પાડવાનું વિચારવામાં આવશે.

## ૬. સ્વૈચ્છિક ક્ષેત્રને મજબૂત બનાવવું

**૬.૧** ભારતીય સમાજમાં સખાવતની સુસ્થાપિત પરંપરા છે. અનેક પ્રકારની કર રાહતો સખાવતી સંગઠનોને દાન આપવા માટેનો માર્ગ મોકળો કરી આપે છે. તેમ છતાં જાહેર સેવા માટે ખાનગી સંપત્તિને વાળવાની અનેક સંભાવનાઓ હજુ પણ સુષુપ્ત અવસ્થામાં પડેલી છે. સરકાર લાયક સ્વૈચ્છિક સંગઠનોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે વર્તમાન અને નવી સ્વતંત્ર સખાવતી સંસ્થાઓ અને ખાનગી પ્રતિષ્ઠાનોને ટેકો પૂરો પાડશે અને પ્રોત્સાહન આપશે. તે જાહેર અને ખાનગી દાતાઓ વચ્ચે સંવાદ ઊભો કરવાને પણ પ્રોત્સાહન આપશે કે જેથી તેઓ દાન આપવામાં અને નાણા એકત્ર કરવાની વ્યૂહરચનાઓની શ્રેષ્ઠ રીતોનો લાભ લઈ શકે.

**૬.૨** સુશાસનમાં તમામ હિતધારકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ અને કામગીરીમાં પારદર્શિતા એ ચાવીરૂપ મુદ્દાઓ છે. સ્વૈચ્છિક ક્ષેત્ર આ બાબતોમાં તેમના પોતાના માપદંડો નક્કી કરે એ અપેક્ષિત છે. સ્વૈચ્છિક સંગઠનોના હેતુઓ અને પ્રવૃત્તિઓ જુદાં જુદાં હોય છે તેથી તેઓ ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા માટે એકસમાન ધોરણો અપનાવે એવી અપેક્ષા રાખવાનું અવ્યવહારુ છે. સરકાર ટેકારૂપ સંગઠનો અને સ્વૈચ્છિક સંગઠનોનાં નેટવર્ક્સ અને મહામંડળોને આ મુદ્દાઓ વિશે ચર્ચા કરવા તથા સર્વસંમતિ ઊભી કરવા માટે પ્રોત્સાહન આપશે. તે આવી સંસ્થાઓને સ્વૈચ્છિક સંગઠનોને જે ધોરણો સ્વીકૃત અને ઊપયોગી લાગે તે ધોરણો અપનાવવા માટે સલાહ આપવા અને મદદ કરવા માટે પણ પ્રોત્સાહન આપશે. સરકાર સ્વૈચ્છિક સંગઠનોમાં શાસનની જે શ્રેષ્ઠતા હશે તેને શ્રેષ્ઠ રીતોને પ્રસિદ્ધિ આપીને માન્યતા પણ બક્ષશે.

**૬.૩** સ્વૈચ્છિક ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે તાલીમ એ એક મહત્ત્વની જરૂરિયાત છે. જો કે, ઘણી વાર તેની અવગણના કરવામાં આવે છે કારણ કે સારી ગુણવત્તાવાળા તાલીમ કાર્યક્રમોનો વાજબી ભાવે અભાવ પ્રવર્તે છે. સરકાર સ્વૈચ્છિક ક્ષેત્રમાં પ્રવેશવા માંગતા આકાંક્ષુઓને તાલીમ આપવા માટે તેમ જ જેઓ આ ક્ષેત્રમાં કામ કરે છે તેમને પણ તાલીમ આપવા માટે સંગઠનોને ટેકો પૂરો પાડશે અને પ્રોત્સાહન આપશે. અત્યારે સરકાર પાસે જે તાલીમ સંસ્થાનોમાં જે ભૌતિક સવલતો પ્રાપ્ય છે તે આવા ટેકાના ભાગરૂપે પ્રાપ્ય બનાવશે.

**૬.૪** વિકાસ લક્ષી સમસ્યાઓમાં સંસ્થાગત, ટેકનિકલ અને સામાજિક

**શેષ પૃષ્ઠ ૨૫ ઉપર**

# બાળ લગ્નો રોકવા માટેનાં કાર્યક્રમો અને પરિબળો

વિકસતા દેશોમાં બાળ લગ્નો અને તેને લીધે છોકરીઓ પર થતી અસરો વિશે દુનિયાભરમાં ચિંતા વધી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ, ઈન્ટરનેશનલ સેન્ટર ફોર રિસર્ચ ઓન વિમેન, પેક્ટ અને આઈજીડબ્લ્યુજી દ્વારા સંયુક્ત રીતે બાળ લગ્નો રોકવા માટેનાં કાર્યક્રમો અને પરિબળોનું વિશ્લેષણ વૈશ્વિક સ્તરે કરવામાં આવ્યું છે. એપ્રિલ ૨૦૦૭માં તેનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અહેવાલનો સારાંશ અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

વિકસતા દેશોમાં બાળ લગ્નોની પ્રવર્તમાન રીત અને પ્રણાલીઓ તથા તેની કન્યાઓ ઉપર થતી અસરો વિશે દુનિયાભરમાં ચિંતા પ્રવર્તી રહી છે. ૨૦૦૬ના પોપ્યુલેશન કાઉન્સિલનાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિકસતા જગતમાં દર સાતમાંથી એક કન્યા ૧૫ વર્ષની વય પહેલાં પરણે છે. વિકસતા દેશોમાં ૩૩.૧૦ કરોડ છોકરીઓમાંથી લગભગ અડધી છોકરીઓ તેમની ૨૦મી વર્ષગાંઠ પહેલાં લગ્ન કરે છે. ૨૦૦૪નો એક એવો અંદાજ છે કે આગામી દાયકા દરમ્યાન વધુ ૧૦ કરોડ છોકરીઓ એટલે કે રોજની ૨૫,૦૦૦થી વધુ છોકરીઓ આટલી નાની વયે લગ્ન કરશે.

બાળ લગ્ન વિશે હાલ જે સાહિત્ય ઉપલબ્ધ છે તે બાળ લગ્નનો પ્રવર્તમાન દર, તેનાં પરિણામો અને તેનાં કારણો વિશે ચર્ચા કરે છે. પરંતુ બાળ લગ્ન સાથે જે જોખમ અને રક્ષણાત્મક પરિબળો સંકળાયેલાં છે તેમનું વિશ્લેષણ બહુ જ ઓછું કરવામાં આવ્યું છે. ઉપરાંત, બાળ લગ્નો રોકવા માટે હાલ જે કાર્યક્રમો ચાલે છે તેને વિશે ભાગ્યે જ કોઈ કશું જાણે છે. કયા કાર્યક્રમોથી બાળ લગ્નો રોકાય છે અથવા નથી રોકાતાં તેની જાણકારી પણ હોતી નથી. આ સંશોધનમાં જે વિશ્લેષણ કરવામાં આવ્યું તેમાં બે મહત્ત્વના મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું:

(૧) બાળ લગ્નોથી શું જોખમ ઊભાં થાય છે અથવા તેની સામે રક્ષણ માટે શું કરવું જોઈએ? છેવટે બાળ લગ્નો રોકવા ઉપર કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ?

(૨) બાળ લગ્નો રોકવા માટે વિકસતા દેશોમાં કેવા પ્રકારના કાર્યક્રમો કયા અભિગમોથી ચાલે છે અને શું આ કાર્યક્રમો અસરકારક છે ખરા?

આ અભ્યાસમાં જે ૨૦ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં ભારત, નેપાળ, બાંગ્લાદેશ એ ત્રણ જ એશિયાના દેશો છે. બાકીના દેશોમાં નાઈજર, ચાડ, માલી, ગીની, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, મોઝામ્બિક, યુગાન્ડા, બુર્કિના ફાસો, ઈથિયોપિયા, લાઈબેરિયા, યેમન, કેમેરુન, એરિટ્રિયા, માલાવી, નાઈજિરિયા અને ઝામ્બિયા જેવા આફ્રિકાના અને નિકારાગુવા જેવા અમેરિકા ખંડના દેશોનો સમાવેશ થાય છે. આ એવા દેશો છે કે જ્યાં ૧૮ વર્ષથી નીચેની વયે લગ્ન કરતી છોકરીઓનું પ્રમાણ ૪૨ ટકા કરતા વધારે છે. એ સિવાય બીજા ૪૮ દેશો છે કે જ્યાં ૧૮ વર્ષથી નીચેની વયે લગ્ન કરતી છોકરીઓનું પ્રમાણ ૭.૯ ટકાથી ૪૧.૨ ટકા જેટલું પ્રવર્તે છે.

ભારતમાં ૫ પ્રદેશોમાં બાળ લગ્નનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. મધ્ય પ્રદેશમાં ૭૩ ટકા, આંધ્ર પ્રદેશમાં ૭૧ ટકા, રાજસ્થાનમાં ૬૮ ટકા અને બિહારમાં ૬૭ ટકા તથા ઉત્તર પ્રદેશમાં ૬૪ ટકા સ્ત્રીઓનું લગ્ન ૧૮ વર્ષની નીચેની વયે થાય છે. પરંતુ સમગ્ર દેશમાં સરેરાશ પ્રમાણ ૫૦ ટકાનું છે.

**બાળ લગ્નો રોકવાનું લક્ષ્ય ધરાવતા કાર્યક્રમો**

આ અભ્યાસમાં બાળ લગ્નો રોકવા માટે જુદા જુદા દેશોમાં જે કાર્યક્રમો ચાલે છે તેમનું વિશ્લેષણ કરવામાં આવ્યું. બાળ લગ્નો રોકવા માટે જે કાર્યક્રમો ચાલે છે તે ખરેખર બાળ લગ્નો ઘટાડવામાં ઉપયોગી થાય છે કે કેમ તેનો જવાબ મેળવી શકાતો નથી. જે ૬૬ કાર્યક્રમોનું વિશ્લેષણ કરવામાં આવ્યું તેમાંથી માત્ર ૧૦ ટકા કાર્યક્રમો એવા હતા કે જેમનાં પરિણામો વિશેના અહેવાલો તૈયાર કરવામા આવ્યા હતા. બહુ જ ઓછા કાર્યક્રમો એવા હતા કે જેમના મૂલ્યાંકન વિશેની માહિતી પ્રાપ્ત થતી હતી. કેવી રીતે તેમનાં પરિણામો નક્કી કરવામાં આવ્યાં તે પણ જાણવા મળ્યું નથી.

મોટા ભાગના કાર્યક્રમો એવા છે કે બાળ લગ્ન ચાલુ રહે તે માટે જવાબદાર એવાં જે સામાજિક ધોરણો છે તે બદલવા માટે પ્રયાસ કરે છે. ૪૮ ટકા કાર્યક્રમો એવા હતા કે જે પરિવાર અને સમુદાયોના સભ્યોને શિક્ષણ આપવા માટેના હતા જ્યારે ૪૨ ટકા કાર્યક્રમો એવા હતા કે જે છોકરીઓને શિક્ષણ આપવા માટેના હતા. માત્ર ૮ ટકા કાર્યક્રમો એવા હતા કે જે આ કાર્યક્રમો વિશે સંશોધન અને મૂલ્યાંકનનું કામ કરતા હોય. માત્ર એક જ કાર્યક્રમ એવો જોવા મળ્યો કે જે નાની

### ભારતમાં બાળ લગ્નો વિશેની સ્થિતિ

| | |
|---|---|
| ૧. ૧૮ વર્ષથી નીચેની વયે લગ્ન કરતી સ્ત્રીઓનું પ્રમાણ (૧૯૯૮-૯૯) | ૫૦ ટકા |
| ૨. છોકરીની લગ્નની ઉંમર (મધ્યક) | ૧૭ વર્ષ |
| ૩. છોકરીનું લગ્ન થઈ જવાની વધુ શક્યતા ધરાવતી ઉંમર | ૧૩ વર્ષ |
| ૪. બાળ લગ્ન કરતી છોકરીની વય અને તેના પતિની વય વચ્ચેનો તફાવત (મધ્યક) | ૫ વર્ષ |
| ૫. બાળ લગ્ન કરતી છોકરીની વય અને તેના પતિની વય વચ્ચેનો સૌથી વધુ તફાવત | ૭૮ વર્ષ |
| ૬. સૌથી વધુ બાળ લગ્નો ધરાવતા પ્રદેશો | મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશ |
| ૭. સૌથી વધુ બાળ લગ્ન ધરાવતા પ્રદેશોમાં છોકરીની લગ્નની ઉંમર (મધ્યક) | ૧૬ વર્ષ |

વયે લગ્ન કરતી છોકરીઓને વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડતો હોય. બાળ લગ્નોને રોકનારા મોટા ભાગના કાર્યક્રમો પરિવારો અને સમુદાયો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૨૩ કાર્યક્રમો એવા પણ જોવા મળ્યા છે કે જે માત્ર અપરણિત છોકરીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હોય. ૧૧ કાર્યક્રમો એવા હતા કે જે પરણિત અને અપરણિત બંને પ્રકારની છોકરીઓ માટે હતા. ૧૪ કાર્યક્રમો નીતિ નિર્ધારણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરનારા હતા. વિવિધ કાર્યક્રમોના સમગ્ર વિશ્લેષણ ઉપરથી નીચેની બાબતો જાણવા મળી છે:

(૧) બાળ લગ્નો રોકવા માટેના કાર્યક્રમો ખૂબ જ ઓછા છે અને જ્યાં બાળ લગ્નોનું પ્રમાણ વધારે છે ત્યાં વધુ કાર્યક્રમોની આવશ્યકતા છે.

(૨) બાળ લગ્નોનું પ્રમાણ ઘટાડવા માટેના પ્રયાસોમાં અનેક ક્ષેત્રોનો સમાવેશ થઈ શકે. જેમ કે શિક્ષણ, આરોગ્ય, કાયદો, નીતિઓ અને અર્થતંત્ર. એ જ રીતે વિવિધ અભિગમો પણ ઉપયોગી થઈ શકે. જેમ કે સમુદાયની સંવેદનશીલતામાં વધારો, જાગૃતિ ઊભી કરવી અને જીવન જીવવા માટે જરૂરી કૌશલ્યો અંગેનું શિક્ષણ. જો કે, આવા કાર્યક્રમો વચ્ચે સહયોગ અને સંકલન ખૂબ જ મર્યાદિત છે અને તેથી એ કાર્યક્રમોની અસરકારકતા ઓછી થાય છે અને પરસ્પર પદાર્થપાઠ શીખી શકાતા નથી.

(૩) બાળ લગ્નોને રોકતા કાર્યક્રમો ઉપર દેખરેખ રાખવાનું અને તેમનું મૂલ્યાંકન કરવાનું કામ ભાગ્યે જ થાય છે. તેથી કાર્યક્રમોની શ્રેષ્ઠ રીતો નક્કી કરી શકાતી નથી અને સાથે સાથે અસરકારક કાર્યક્રમોને ઓળખી શકાતા નથી. તેને પરિણામે એ કાર્યક્રમોનો વિસ્તાર પણ વધારી શકાતો નથી.

(૪) પરણિત છોકરીઓની કેટલીક નિશ્ચિત આરોગ્યલક્ષી, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક જરૂરિયાતો હોય છે. બાળ લગ્નો રોકવા માટે જે કાર્યક્રમો ચાલે છે તેમાં નાની વયે જેમનાં લગ્ન થઈ જાય છે તે છોકરીઓનો સમાવેશ કરવામાં આવતો નથી.

### ભારતમાં બાળ લગ્નો ઉપર અસર કરનારાં પરિબળો

ભારતમાં ૧૫,૩૮૭ જેટલી સ્ત્રીઓનો અભ્યાસ કરવામાં આવ્યો. તે ૨૦થી ૪૦ની વય વચ્ચેની હતી અને પરણિત હતી. તેમણે આપેલા પ્રતિભાવોને આધારે બાળ લગ્નો માટે જે પરિબળો જવાબદાર જણાયાં છે તે તેના મહત્ત્વ અનુસાર નીચે મુજબ છે:

(૧) છોકરીનું પોતાનું ઉચ્ચ શિક્ષણ.
(૨) છોકરીનું પોતાનું માધ્યમિક શિક્ષણ.
(૩) પતિ અને પત્ની વચ્ચેની વયનો તફાવત.
(૪) છોકરીનું પોતાનું પ્રાથમિક શિક્ષણ.
(૫) ધર્મ.
(૬) સંપત્તિ.
(૭) પતિનું માધ્યમિક શિક્ષણ.
(૮) પતિનું ઉચ્ચ શિક્ષણ.
(૯) ઘરના સ્થળનો પ્રકાર.
(૧૦) પ્રદેશ.
(૧૧) પતિનું પ્રાથમિક શિક્ષણ.

### વિશ્લેષણનાં તારણો

જે ૨૦ દેશોમાં બાળ લગ્નો સૌથી વધુ પ્રમાણમાં થાય છે તે દેશોમાં બાળ લગ્નોનાં સંભવિત જોખમો અને રક્ષણાત્મક પરિબળો વિશેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તે માટે વસ્તીલક્ષી અને આરોગ્ય સર્વેક્ષણની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો. આ વિશ્લેષણમાંથી જે તારણો અને ભલામણો ઊભાં થયાં છે તે નીચે મુજબ છે:

(૧) બાળ લગ્નો સાથે જે ૧૨ પરિબળો મજબૂત રીતે સંકળાયેલાં છે તેમાંથી ૪ પરિબળો સૌથી વધારે મજબૂત રીતે સંકળાયેલાં છે. આ ૪ પરિબળો નીચે મુજબ છે:

## બાળ લગ્નો રોકવામાં સમુદાયની સહભાગિતા વિશેનો ભારતનો અનુભવ

ભારતમાં મહારાષ્ટ્રમાં ઔરંગાબાદનો વિસ્તાર એક એવો વિસ્તાર છે કે જ્યાં છોકરીઓ ખૂબ વહેલી લગભગ ૧૪ વર્ષની વયે પરણી જાય છે અને પછી તરત જ તેઓ માતા બને છે. પચોડ ખાતે આવેલી સંસ્થા 'ઈન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ મેનેજમેન્ટ' દ્વારા બાળ લગ્નો રોકવા માટે એક કાર્યક્રમ ચલાવવામાં આવ્યો.

તેમણે છોકરીઓની ક્ષમતા વધારવા ઉપર, માતૃત્વ આરોગ્ય ઉપર અને અંતે પરિવાર આરોગ્ય અને કલ્યાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું તથા આ બધી બાબતો ઉપર બાળ લગ્નની કેવી ખરાબ અસર થાય છે તે બાબત લોકોને સમજાવવાની શરૂઆત કરી. ૧૧થી ૧૭ વર્ષની વય ધરાવતી અપરણિત છોકરીઓ માટે તેમણે જીવન કૌશલ્યનો એક વર્ષનો કાર્યક્રમ ઘડી કાઢ્યો અને તેમાં ઉપરોક્ત બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

સંસ્થાએ કાર્યક્રમનાં તમામ પાસાંમાં મા-બાપો અને સમુદાયના નેતાઓને સામેલ કર્યા. જીવન કૌશલ્યોનાં અભ્યાસક્રમમાં સમુદાયમાં હાથ ધરવામાં આવેલી વ્યક્તિગત પરિયોજનાઓ, શિક્ષકોની સ્થાનિક ભરતી અને વાલીઓ સાથે નિયમિત બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો.

આયોજનના તબક્કે માતાઓએ એમ જણાવ્યું કે જો તેમની છોકરીઓ શાળાઓમાં ભણતી હોય તો ઓછી ઉંમરે તેમને પરણાવી દેવા માટે જે સામાજિક દબાણ ઊભું થાય છે તેની સામે લડવાનું તેમને માટે આસાન થઈ શકે છે. જો કે, તે વિસ્તારમાં બહુ ઓછી જગ્યાએ ૪ ધોરણથી આગળનું શિક્ષણ મેળવવા માટેની વ્યવસ્થા પ્રાપ્ય છે.

તેમણે જીવન કૌશલ્યના કાર્યક્રમને એક વિકલ્પ તરીકે આવકાર્યો. કાર્યક્રમના માત્ર એક વર્ષ બાદ એ વિસ્તારમાં છોકરીઓની લગ્નની વય વધીને ૧૬થી ૧૭ વર્ષની થઈ. આ વધારો સમુદાય સ્તરનું એક પરિણામ હતું.

જે છોકરીઓ જીવન કૌશલ્યના વિકાસના કાર્યક્રમમાં ભાગીદાર થઈ તે છોકરીઓમાં જ નહિ પણ અન્ય છોકરીઓમાં પણ આ પરિણામ જોવા મળ્યું હતું. તે જ એમ દર્શાવે છે કે છોકરીઓના લગ્નની વય વિશે જે સામાજિક ધોરણ પ્રવર્તતું હતું તે બદલવામાં સમગ્ર સમુદાય કેવી રીતે સામેલ થયો.

- છોકરીઓનું શિક્ષણ.
- વયનો તફાવત.
- પ્રદેશ.
- સંપત્તિ.

(૨) છોકરીઓનું શિક્ષણ એ સૌથી વધારે મહત્ત્વનું પરિબળ છે કે જે લગ્ન સમયની ઉંમર સાથે સંકળાયેલું છે. માધ્યમિક શિક્ષણ એ બાળ લગ્નનું પ્રમાણ ઘટે તેની સાથે સૌથી વધારે મજબૂત રીતે સંકળાયેલું પરિબળ છે. પરંતુ ખૂબ નાની ઉંમરે જે છોકરીઓનાં લગ્ન થાય છે તેમાંની ઘણી છોકરીઓના કિસ્સામાં સૌથી મહત્ત્વનું પરિબળ પ્રાથમિક શિક્ષણ હોય છે. તેથી બાળ લગ્નની સમસ્યા ઉકેલવા માટે તમામ સ્તરે શિક્ષણને પ્રોત્સાહન આપવું એ એક અસરકાર રસ્તો છે.

(૩) વયનો તફાવત અથવા તો પત્નીઓ અને પતિઓ વચ્ચેનો વયનો તફાવત એ પણ બાળ લગ્ન સાથે સંબંધિત એવું અત્યંત મહત્ત્વનું પરિબળ છે. આ સંબંધનું કોઈ નિશ્ચિત સ્વરુપ જાણવા મળતું નથી. પરંતુ આ વય તફાવતથી શું નકારાત્મક પરિણામો આવી શકે છે તેવી જાગૃતિ ઊભી કરનારા કાર્યક્રમો અને શિક્ષણ બાળ લગ્નો ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે. આવાં નકારાત્મક પરિણામોમાં એક અગત્યનું પરિણામ ઘરેલૂ હિંસા છે.

(૪) કેટલાક દેશોમાંના કેટલાક પ્રદેશોમાં બાળ લગ્નોનું પ્રમાણ વધારે હોય છે અને ત્યાં દરમ્યાનગીરી કરવા માટેના પ્રયાસો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

(૫) છોકરીઓ જે પરિવારોમાં જીવે છે તે પરિવારોનો આર્થિક દરજ્જો પણ છોકરીઓની લગ્નની વય નક્કી કરવામાં મહત્ત્વનું પ્રભાવક પરિબળ બને છે. છોકરીઓની આવક ઊભી કરવા માટેની ક્ષમતા વધારીને, લગ્ન મોકૂફ રાખવા માટે પરિવારોને જે ખર્ચ ઉઠાવવું પડે છે તેમાં તેમને મદદ કરીને અને દહેજ તથા નવવધૂની કિંમત અંગે જે સ્થાનિક રીત-રિવાજો પ્રવર્તે છે તેમાં ફેરફારો કરીને બાળ લગ્નો રોકવા માટેના પ્રયાસો થઈ શકે.

(૬) છોકરીઓનું લગ્ન નાની ઉંમરે થાય છે તેની સાથે અનેક પરિબળો સંકળાયેલાં છે. તેમાં સામાન્ય રીતે ૧૩ કે ૧૪ વર્ષની ઉંમરે લગ્ન થઈ જાય તેવી શક્યતાઓ વિશેષ રહેતી હોય છે. આ ઉંમર જ છોકરીના લગ્ન માટે કારણભૂત બનતી હોય છે. બાળ લગ્નો અટકાવવા માટે જે કાર્યક્રમો ચાલે છે તેમણે આ ઉંમરે છોકરીઓનાં લગ્ન ન થઈ જાય તે માટે વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે. કારણ કે આ ઉંમરે લગ્ન થઈ જવાં તે એક ગંભીર સમસ્યા છે.

સંપર્કઃ આઈ.સી.આર.ડબલ્યુ., ૪૨, પહેલો માળ, ગોલ્ફ લિંક્સ, નવી દિલ્લી-૧૧૦ ૦૦૩. ફોનઃ ૦૧૧-૨૪૬૫૪૨૧૬. ઈમેલઃ info@icrwindia.org

# સચકી યાદેં, યાદોંકા સચ

૨૦૦૨માં ગોધરાના હત્યાકાંડ પછી ગુજરાતમાં થયેલાં રમખાણોને પાંચ વર્ષ પૂરાં થવા નિમિત્તે ૨૬મી ફેબ્રુઆરીથી ૩ માર્ચ, ૨૦૦૭ દરમ્યાન આ કાર્યક્રમ ઓક્સફામ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અનેક બિન-સરકારી સંગઠનોએ સહયોગીની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમ વિશેનો અહેવાલ ટૂંકમાં અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

૨૦૦૨માં ગુજરાતમાં ગોધરા ખાતે ટ્રેનનો ડબો સળગાવવાના બનેલા બનાવ બાદ ફાટી નીકળેલાં તોફાનોમાં આશરે ૨૦૦૦ લોકો માર્યા ગયા હતા. તેમાં લગભગ રૂ. ૩૮૦૦ કરોડની મિલકતોનું નુકસાન થયાનો અંદાજ મૂકવામાં આવે છે. ભારતના તાજેતરના ઈતિહાસમાં સામૂહિક હિંસાની સૌથી ખરાબ ઘટનાઓમાંની આ એક ઘટના હતી. તેમાં આશરે ૨,૫૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા. અનેક લોકો આજે પણ ૮૦ જેટલી રાહત છાવણીઓમાં જીવી રહ્યા છે.

આ ઘટનામાંથી બોધપાઠ શીખવા માટે અને જે હકીકતો છે તેનો પ્રમાણિક સ્વીકાર કરવા માટે તથા નૈતિક જવાબદારી ઉઠાવવાની ભાવના કેળવવા માટે આ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. રાજ્યની જવાબદારી નક્કી થાય તે માટેની વ્યવસ્થા શોધવાનો ઉદ્દેશ પણ તેમાં રાખવામાં આવ્યો હતો. અસરગ્રસ્તોને પર્યાપ્ત વળતર પ્રાપ્ત થાય, તેમના અધિકારોનો ભંગ ન થાય અને તેમના ગૌરવની પુનર્સ્થાપના થાય તે માટેની માંગને ઉઠાવવાનો મુદ્દો પણ આ કાર્યક્રમોમાં સમાવવામાં આવ્યો હતો.

જે બિન-સરકારી સંગઠનો આ કાર્યક્રમમાં સામેલ થયાં હતાં તે બધાં જ અસરગ્રસ્તો સાથે કામ કરનારાં હતાં. ઘણાં સંગઠનો માનવ અધિકારોના ભંગ અને અસરગ્રસ્તોને નાણાંકીય વળતર પ્રાપ્ત થાય તે માટે કામ કરનારાં હતાં. અન્ય સંગઠનો એવાં પણ હતાં કે જેઓ માનસિક, સામાજિક અને વ્યક્તિગત પુનર્વસન થાય તથા જીવનનિર્વાહની વ્યવસ્થા ફરીથી સ્થાપિત થાય તે માટે કામ કરતાં હતાં. ઉપરાંત, કેટલાંક સંગઠનો શાંતિની સ્થાપના થાય તેવી પ્રક્રિયાઓ ઉપર ધ્યાન આપી રહ્યાં હતાં. કર્મશીલો, વિદ્વાનો, અસરગ્રસ્તો, કવિઓ, સાહિત્યકારો, ફિલ્મ ક્ષેત્રના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને આમ જનતાને આ કાર્યક્રમોમાં સાંકળવામાં આવ્યાં હતાં. તે માટે જુદા જુદા પ્રકારની વ્યૂહરચનાઓ અપનાવવામાં આવી હતી. જુદાં જુદાં સ્થળોએ કાર્યક્રમો યોજવામાં આવ્યા કે જેથી જુદા જુદા વિસ્તારના જુદા જુદા વર્ગના લોકો તેમાં સામેલ થઈ શકે. તેથી જાહેર પ્રસંગો, પરિસંવાદો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા કરવામાં આવેલો એક સામૂહિક પ્રતીકાત્મક પ્રયાસ હતો કે જેથી રમખાણોએ લોકોના અંતરાત્મામાં જે ઘેરી છાપ ઊભી કરી છે તેને સુધારી શકાય અને એ ઘટનાઓને સાવ જ ભૂલી ન જવાય એમ આ કાર્યક્રમના સંયોજક શ્રી હિરેન ગાંધીએ જણાવ્યું હતું.

## પરિસંવાદ અને કાર્યશાળા

તા. ૨૬.૨.૨૦૦૭ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં હીરક મહોત્સવ હોલ ખાતે આ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત જ આ પરિસંવાદથી થઈ હતી અને તેમાં તમામ સહભાગીઓ એકત્ર થયા હતા. ૧૮૫૭નાં ૧૫૦ વર્ષ, સત્યાગ્રહનાં ૧૦૦ વર્ષ અને ગુજરાતની હિંસાનાં ૫ વર્ષ એ આ પરિસંવાદનો વિષય હતો. તેમાં આ ત્રણેય ઘટનાઓને સાંકળવાની નેમ હતી. તેમાં તિસ્તા શેતલવાડ, મલ્લિકા સારાભાઈ અને સોફિયા ખાન વગેરેએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. મૂળ મુદ્દો એ હતો કે ગોધરાની ઘટનાને અને તે પછીનાં રમખાણોને રાજ્યે અલગ અલગ દૃષ્ટિથી ન જોવી જોઈએ. ખાસ કરીને જુદા જુદા સમુદાયો વચ્ચે અમન અને ચેન ઊભાં થાય તે માટે રાજ્ય દ્વારા કોઈ પ્રયાસ કરવામાં આવી રહ્યો નથી એ વિશે ખેદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તા.૨૮.૨.૨૦૦૭ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં અહિંસા શોધ ભવન ખાતે ન્યાય અને શાંતિ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા વિષય ઉપર અડધા દિવસની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં આશરે ૭૫ સહભાગીઓએ ભાગ લીધો હતો. ગુજરાતની વડી અદાલતના જાણીતા વકીલ શ્રી ગિરીશ પટેલે એ હકીકત પર સૌનું ધ્યાન દોર્યું હતું કે સામૂહિક ગુનાઓની સમસ્યાનો ઉકેલ લાવવા માટેનું કોઈ તંત્ર દેશમાં નથી. તેમણે એ બાબતે ખેદ વ્યક્ત કર્યો કે ભયાનક ગુનાઓ આચરનારાઓને સજા કરવા માટે રાજ્ય ગંભીર નથી.

'આનંદી'નાં સુશ્રી જાહ્નવી અંધારિયાએ કોમી હિંસા અંગેના ખરડા વિશે વાત કરી હતી અને એ ખરડાની કેટલીક નબળાઈઓની ચર્ચા



કરી હતી. જો કે તેમણે એમ કહ્યું હતું કે આ કાયદો જો ઘડવામાં આવશે તો સાવ નકામો નહીં જાય. 'સહર વારુ'નાં સુશ્રી શીબા જ્યોર્જ દ્વારા સ્ત્રીઓ સામેના ભેદભાવ અને ગુજરાતમાં મહિલાઓ ઉપર રમખાણોની અસર વિશે વાત કરી હતી. ઉપરાંત, સુશ્રી ગઝાલા પૌલ, સુશ્રી સોફિયા ખાન, ડૉ. હનીફ લાકડાવાલા અને ફાધર સેડ્રિક પ્રકાશ વગેરેએ પોતાની રજૂઆત કરી હતી. સહભાગીઓ અને વક્તાઓ વચ્ચે પ્રશ્નોત્તરી પણ થઈ હતી. ન્યાયી અને શાંતિપૂર્ણ સમાજની રચના માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ કેવાં સાધનો અને વ્યવસ્થાઓની જરૂર છે તે બાબત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

તા.૧.૩.૨૦૦૭ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં હીરક મહોત્સવ હોલમાં રાજ્યભરમાંથી રમખાણગ્રસ્ત લોકો આશરે ૬૦૦૦ની સંખ્યામાં આવ્યા હતા. અપેક્ષા કરતાં ઘણી મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. તેમણે કેવી રીતે તેમને ન્યાયનો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે તેને વિશે રજૂઆત કરી હતી. સર્વશ્રી તિસ્તા સેતલવાડ, વિજય તેંડુલકર, નિર્મલા દેશપાંડે અને સ્ટેની ફર્નાન્ડિઝ વગેરેએ આ સભામાં હાજરી આપી હતી. ૬૦૦૦થી વધુ લોકોની સહીઓવાળું એક માંગપત્ર તૈયાર કરાયું હતું અને તે રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓને મોકલવામાં આવ્યું હતું. તેમાં ૧૦ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. સૌને યોગ્ય ન્યાય મળે, વિવિધ કેસોમાં સાક્ષીઓને રક્ષણ મળે અને અસરગ્રસ્તોને યોગ્ય વળતર મળે તે બાબત ઉપર તેમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. અનેક લોકોએ એવી રજૂઆતો કરી હતી કે પોલિસ રમખાણકારો સાથે ભળી ગઈ હતી અને કેવી રીતે અનેક હિંદુઓએ તેમનું રક્ષણ કર્યું હતું.

તા.૨૭.૨.૨૦૦૭ના રોજ કોચરબ આશ્રમ ખાતે ગોધરા કાંડની પાંચમી વર્ષગાંઠે એક સમૂહ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'અવાજ' અને અન્ય સંગઠનોએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમાં ગુજરાતી, હિંદી અને મરાઠી ભજનો ગાવામાં આવ્યાં હતાં.

## સાંસ્કૃતિક કાર્યક્રમો

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સતત સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. ચિત્ર પ્રદર્શન ફિલ્મ દર્શન કાવ્ય પ્રસ્તુતિ અને નાટકો એ આ સાંસ્કૃતિક કાર્યક્રમોનો ભાગ હતાં. તા. ૨૬.૨.૨૦૦૭થી તા. ૩.૩.૨૦૦૭ સુધી અમદાવાદની ગુફા અને વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે બે ચિત્ર પ્રદર્શનો યોજવામાં આવ્યાં હતાં. અમદાવાદની ગુફામાં જે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું તે બિહારના સંતોષકુમાર દાસ દ્વારા યોજવામાં આવેલા મૈથિલી પરંપરાનાં ચિત્રોનું હતું. બિહાર અને નેપાળનાં તેરાઈ પ્રદેશમાં મૈથિલી શૈલી વિખ્યાત છે. ૨૦૦૨નાં રમખાણોનું પુનઃ અર્થઘટન આ ચિત્રોમાં એ શૈલીથી કરવામાં આવ્યું હતું.

વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે વસુધા તોઝુર નામના કલાકારના સહયોગમાં જે ચિત્રો શાહજહાં, તેહરા, રબિયા, તસલીમ, ફર્ઝાના અને રેહાના નામની છ છોકરીઓ દ્વારા તૈયાર કરાયાં હતાં તે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં. અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારમાં ૨૦૦૨માં થયેલાં રમખાણોમાં આ છોકરીઓએ તેમનાં પરિવારોના અનેક સભ્યો ગુમાવ્યા હતા. વસુધાએ ૧૮ માસ સુધી આ પરિયોજના ઉપર કામ કર્યું હતું. જે પરિવારોએ તેમનાં ઘરો ગુમાવ્યાં હતાં તે પરિવારોની ૨૦ મુસ્લિમ મહિલાઓએ આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કોમી એખલાસનાં ગીતો ગાઈને તેનું ઉદ્ઘાટન કર્યું હતું. આ એક કલાકાર્ય શાળા હતી અને તે 'હિંમત'ના નેજા હેઠળ યોજવામાં આવી હતી.



તા.૨૬.૨.૨૦૦૭ના રોજ દર્પણ એકેડેમીમાં નટરાણી થિયેટર ખાતે 'અનસુની' નામનું એક નાટક ભજવવામાં આવ્યું હતું. દર્પણ એકેડેમી દ્વારા મલ્લિકા સારાભાઈના નેતૃત્વ હેઠળ આ નાટક ભજવાયું હતું. હર્ષ મંદરના આ જ નામના પુસ્તક ઉપર આ સંગીત નાટક આધારિત હતું. અનેક એકોક્તિઓ દ્વારા આ નાટકમાં લોકોનો અવાજ રજૂ કરવામાં આવ્યો હતો. એ જ રીતે તા.૨૮.૨.૨૦૦૭ના રોજ એ જ સ્થળે ઉર્દૂ લેખક ઈસ્મત ચૂગતાઈ દ્વારા લખવામાં આવેલી કહાણી 'લાજો' નાટક સ્વરુપે ભજવવામાં આવી હતી. પરેશ વ્યાસ દ્વારા તેનું લેખન અને દિગ્દર્શન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને સમાજમાં યુવાન છોકરી સાથે જે વર્તન કરવામાં આવે છે તેનું પ્રતિબિંબ તેમાં પાડવામાં આવ્યું હતું.

તા.૨.૩.૨૦૦૭ના રોજ એ જ સ્થળે પરેશ વ્યાસ દ્વારા લિખિત અને દિગ્દર્શિત એવું 'કેટલું અંધારું હું લૂછું' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. સામૂહિક ધિક્કારની જે કહાણી એની ફ્રૅંકની ડાયરીઓ દ્વારા રજૂ કરવામાં આવી છે તેને ગુજરાતની હિંસા સાથે જોડીને આ નાટક તૈયાર કરવામાં આવ્યું હતું. તા.૨૭.૨.૨૦૦૭થી તા.૩.૩.૨૦૦૭ સુધી રોજ અમદાવાદમાં જુદાં જુદાં સ્થળોએ શેરી નાટકો ભજવવામાં આવ્યાં હતાં. એમાનાં બે નાટકો સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ દ્વારા ભજવવામાં આવ્યાં હતાં. આ નાટકોનાં નામ હતાં: 'ગુજરાત ૨૦૦૭' અને 'મેગાસિટીમેં મચ ગયા શોર'. અન્ય એક નાટક 'છતા ઘરે ઘર વિનાના' માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા દ્વારા ભજવવામાં આવ્યું હતું. એ ઉપરાંત ઉદયપુરનાં સેવા મંદિરના ટેકાથી 'કરફ્યુ' નાટક ભજવવામાં આવ્યું હતું. અમદાવાદમાં દાણીલીમડા, ગોમતીપુર, બાપુનગર, બોમ્બે હોટલ, જૂહાપુરા, ઓઢવ, દુધેશ્વર, રખિયાલ અને શાહપુર વિસ્તારોમાં ભજવવામાં આવ્યાં હતાં. નાટકને નિહાળવા માટે ૩૦૦થી ૨૦૦૦ લોકો આવતા હતા. અવાજ, સમર્થ, શહરવારુ, સંચેતના, સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી અને અમન સમુદાય વગેરે સંસ્થાઓના કાર્યવિસ્તારોમાં આ નાટકો ભજવવામાં આવ્યાં હતાં.

તા.૨૭.૨.૨૦૦૭ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં 'કબીર કી યાદેં' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રહલાદસિંહ તિપન્યા અને તેમના જૂથે કબીરનાં ભજનો રજૂ કર્યાં હતાં. આ જ કાર્યક્રમ બીજે દિવસે નટરાણી થિયેટરમાં યોજવામાં આવ્યો હતો. પહેલી માર્ચના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં 'પ્રતિરોધ કે શબ્દ' નામે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ગુજરાતી, હિંદી અને ઉર્દુ ભાષાના કવિઓએ ૨૦૦૨નાં રમખાણોના સંદર્ભમાં તેમણે જે કવિતાઓ લખી હતી તે રજૂ કરી હતી. તેમાં ગૌહર રઝા, નિલભ માલવિયા, અંશુ માલવિયા, નિરવ પટેલ, સાહિલ પરમાર, રાજુ સોલંકી, કાન્તિલાલ કાતિલ



વગેરે કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. સરૂપ ધ્રુવ અને અપૂર્વાનંદ જેવા કવિઓએ આ સંમેલનનું સંચાલન કર્યું હતું.

તા.૨૭-૨૮ ફેબ્રુઆરીના રોજ હુસેન-દોશી ગુફા ખાતે દસ્તાવેજી અને ટૂંકી ફિલ્મોનું દર્શન રાખવામાં આવ્યું હતું. આશરે ૩૦ જેટલી ફિલ્મો માનવાધિકારો, વિકાસ અને કોમી તનાવ જેવા વિષયો વિશે રજૂ કરવામાં આવી હતી. તેમાં 'ધ બ્લેક રોડ' અને 'નાતા' જેવી ફિલ્મો પણ રજૂ કરાઈ હતી. આ ઉપરાંત, 'ફાઈનલ સોલ્યુશન્સ', 'એ નર્મદા ડાયરી', 'ઈન ધ નેમ ઓફ ગોડ એન્ડ ફાધર', 'ફાધર, સન એન્ડ હોલી વોર' જેવી દસ્તાવેજી ફિલ્મો પણ તેમાં દર્શાવવામાં આવી હતી.

ત્રીજી માર્ચના રોજ અમદાવાદમાં રૂપાલી સિનેમાં સામે જાહેર ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં આશરે ૧૦૦૦ લોકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમથી છ દિવસના સમગ્ર કાર્યક્રમનો અંત આવ્યો હતો. અનેક વક્તાઓએ આ ધરણા દરમ્યાન પ્રવચનો આપ્યાં હતાં. ખાસ કરીને હિરેન ગાંધી, તિસ્તા સેતલવાડ, ફા. સેડ્રિક પ્રકાશ, આનંદ પટવર્ધન અને રાકેશ શર્માએ તેમાં આપેલાં પ્રવચનો નોંધનીય હતાં. આ પ્રસંગે તમામ ચાર શેરી નાટકો ભજવવામાં આવ્યાં હતા. અનેક પડદા અને પોસ્ટર સાથે આ કાર્યક્રમમાં ફિલ્મ નિર્માતાઓ, કવિઓ લેખકો વગેરેએ પણ હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ અને અન્ય કાર્યક્રમોને માધ્યમોમાં સારી એવી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી અને જીવંત નાગરિક સમાજના લોકશાહી વ્યવહારો વિશે તંદુરસ્ત ચર્ચાની શરૂઆત પણ થઈ હતી.

સંપર્કઃ ઓક્સફામ, ૩-એ, ત્રીજો માળ, કોમર્સ હાઉસ-૧, જજીસ બંગલો રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૪. ફોનઃ ૦૭૯-૨૬૮૪૧૧૪૨/ ૪૬/૪૮. ઈમેલઃ oxfamad1@sancharnet.in

# સાંપ્રત પ્રવાહ

## જી–૮: વૈકલ્પિક પરિષદ

૨૦૦૭ની જી-૮ પરિષદ જર્મનીમાં હેલિજેન્ડમ ખાતે મળી હતી. જી-૮માં અમેરિકા, જર્મની, કેનેડા, જાપાન, ઈટાલી, યુ.કે., ફ્રાન્સ અને રશિયાનો સમાવેશ થાય છે. દર વર્ષે દુનિયાના આ સૌથી શક્તિશાળી દેશોના નેતાઓ ભેગા થાય છે અને વિશ્વના અર્થકારણને કેવી રીતે દિશા આપવી તેને વિશે ચર્ચા વિચારણા કરે છે. દર વર્ષે મળતી આ પરિષદનો વિરોધ પણ અનેક કારણોસર કરવામાં આવતો હોય છે. આ વર્ષે ૫થી ૭ જુન દરમ્યાન જર્મનીમાં જ રોસ્તોક શહરે ખાતે એક વૈકલ્પિક પરિષદ યોજવામાં આવી હતી. તેમાં વૈશ્વિકીકરણના વિકલ્પો શોધવામાં લાગેલી દરેક વ્યક્તિને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

જી-૮ની વસ્તી દુનિયાની કુલ વસ્તીના ૧૩ ટકા છે. પરંતુ આ દેશોની સરકારોના નિર્ણયો વિશ્વના અર્થતંત્ર, વિકાસ, પર્યાવરણ, યુદ્ધ અને શાંતિ ઉપર અસર કરે છે. તેઓ મોટે ભાગે તેમનાં આર્થિક હિતોનું રક્ષણ કરવાની ચિંતા કરે છે. જર્મન સરકારે આ વર્ષે રોકાણની સલામતી વિષયને આ પરિષદનો મુખ્ય વિષય ગણાવ્યો હતો. આ સંદર્ભમાં વૈકલ્પિક પરિષદ મળી તેમાં આર્થિક વિકાસનું જે મોડેલ આ દેશો દ્વારા અપનાવવામાં આવે છે અને તેને પરિણામે દુનિયાભરમાં ગરીબી, બેકારી, યુદ્ધ, જૈવ વૈવિધ્યનો વિનાશ, પર્યાવરણનો વિનાશ, આબોહવામાં પરિવર્તન વગેરે જેવાં ક્ષેત્રોમાં જે વિપરીત અસરો થાય છે તેને વિશે વિગતે ચર્ચા કરવામાં આવી. સામાજિક ન્યાય વૈશ્વિકીકરણની પ્રક્રિયાને પરિણામે ખોવાઈ જાય છે અને સામાજિક ધ્રુવીકરણ એ રીતે થાય છે કે જેથી ગરીબી વધે છે એ બાબત ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન ભૂખમરાથી પિડાતી પ્રજાની સંખ્યા ૮૪ કરોડથી વધીને ૮૫.૪ કરોડ થઈ છે અને બીજી તરફ થોડાક અબજોપતિઓની મિલકત ૧૬ અબજ ડોલરથી વધીને ૩૩ અબજ ડોલર થઈ છે એ બાબત ઉપર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

વૈકલ્પિક પરિષદમાં ખાસ કરીને રાષ્ટ્રવાદ, જાતિવાદ, હિંસા, આતંકવાદ, ધર્મઝનૂન અને યુદ્ધો કેવી રીતે સમગ્ર માનવજાતને અશાંતિ અને અસલામતીમાં ધકેલે છે અને તેમાં જી-૮ દેશો કેવી ભૂમિકા ભજવે છે તે બાબત ઉપર વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જી-૮ દેશોનું રાજકારણ અનિયંત્રિત વિકાસ, અનિયંત્રિત બજાર અને અનિયંત્રિત વપરાશ તરફ લઈ જાય છે અને તેથી દુનિયાની પર્યાવરણની સમસ્યાઓ વકરે છે તેના ઉપર પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. બહુરાષ્ટ્રીય કંપનીઓ અને સંસ્થાકીય રોકાણકારો વૈશ્વિકીકરણમાં વૈશ્વિક ખેલાડીઓ તરીકે ઓળખાય છે. વિકાસની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન તેમને જ ફાયદો થાય છે અને બીજી તરફ ગરીબો પછાત રહી જાય છે એ ચિંતાનો વિષય બન્યો હતો. સંપર્કઃ ઈમેલઃ workshops@G8-Alternative-Summit.org. ફોનઃ ૪૯-૩૦૨૮૦૪૧૮૧૧

## મારવાડી–રબારી સમુદાયનો અભ્યાસ

ભારત સરકારના વિચરતી અને વિમુક્ત જાતિના પંચ દ્વારા આ સમુદાયો વિશે માહિતી એકત્ર કરવા માટે કવાયત ચાલી રહી છે. આ માટે પંચે એક પત્રક તૈયાર કર્યું છે. આ પત્રક અનુસારનો અભ્યાસ સાબરકાંઠા જિલ્લાના પહાડી પ્રદેશોમાં રહેતા મારવાડી-રબારી સમુદાયનો માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો. આ અભ્યાસમાં સમુદાયની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજકીય, ધંધા-રોજગાર, કળા, વ્યાવસાયિક આવડતો, મહિલાઓની સ્થિતિ વગેરે બાબતો વિશે અભ્યાસ કરવામાં આવ્યો. આ અભ્યાસમાંથી જે વિગતો બહાર આવી છે તે નીચે મુજબ છેઃ

(૧) આશરે ૩થી ૪ હજાર પરિવારો આ સમુદાયમાં છે.

(૨) ૩૦ વર્ષની વયથી ઉપરનામાં અક્ષરજ્ઞાન શૂન્ય છે. ૨૦થી ૩૦ વર્ષની વયનાઓમાં શિક્ષણનું પ્રમાણ ૫થી ૬ ટકા જેટલું છે. તેથી નીચેની વયનાઓમાં શિક્ષણનું પ્રમાણ ૩૦થી ૩૫ ટકા જેટલું છે. મહિલાઓમાં સાક્ષરતા શૂન્ય છે. માત્ર એક જ છોકરી ધોરણ ૮ સુધી ભણી છે.

(૩) સમગ્ર સમાજ ભૂત-પ્રેત અને અંધશ્રદ્ધાઓથી ઘેરાયેલો છે.

(૪) જાનવરોમાં રસીકરણ વિશે કશી ખબર નથી.

(૫) પરંપરાગત પશુપાલનના વ્યવસાય ઉપરાંત અન્ય કોઈ ધંધા રોજગારની જાણકારી નથી.

(૬) સામાજિક પ્રસંગોએ જ્ઞાતિના પંચ જે કંઈ કરે તે આખરી ગણાય છે. પંચ ઘણી વાર ખૂબ દંડ કરે છે અને તેથી ઘણી વાર પરિવાર દેવામાંથી બહાર આવી શકતો નથી.

(૭) ઘરનો અને સમાજનો વહીવટ સંપૂર્ણપણે સ્ત્રીઓ કરે છે.

(૮) ૬૦ ટકાથી વધુ પરિવારો પાસે રેશનકાર્ડ નથી અને મતદાર કાર્ડ પણ નથી.

સંપર્કઃ માનવ કલ્યાણ ટ્રસ્ટ, ભક્તિનગર, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા - ૩૮૩ ૨૫૫. ફોનઃ ૦૨૭૭૫-૨૨૦૦૮૫/૨૨૧૪૨૩.

# સંદર્ભ સાહિત્ય

## એસેસિંગ ડેમેજ આફ્ટર ડિઝાસ્ટર્સ

કુદરતી આપત્તિઓ લાંબા ગાળા અને ટૂંકા ગાળા માટે મનુષ્યના જીવનનાં વિવિધ પાસાંઓ અસર કરે છે. તે માનવ જીવન, જીવનની પરિસ્થિત, સામાજિક સંબંધો, આર્થિક પ્રયાસો, વસ્તુઓ અને સેવાઓ, અસ્કામતો અને પર્યાવરણ ઉપર ઘેરી અસર પાડે છે. ભૂતકાળનો અનુભવ એમ દર્શાવે છે કે માનવતાવાદી રીતે જે પ્રતિભાવ આપવામાં આવે છે તે મોટે ભાગે અસરગ્રસ્ત સમુદાયોની વાસ્તવિક જરૂરિયાતોને આધારે નહિ પણ સાધનોની ક્ષમતા અને સેવાઓ પૂરી પાડનારી સંસ્થાની સંસ્થાગત બાબતોને આધારે નક્કી થાય છે. આ સંદર્ભમાં આપત્તિનું આકલન એક ઘણું જ મહત્ત્વનું પગલું બની જાય છે. જો નુકસાનીનું આકલન અસરકારક રીતે અને સર્વગ્રાહી રીતે કરવામાં આવે તો અસરગ્રસ્ત લોકોની જરૂરિયાતો સંતોષવાનું આયોજન વધારે સારી રીતે થઈ શકે.

આ અંગ્રેજી પુસ્તક અસરગ્રસ્તોને થયેલા નુકસાન વિશેનું આકલન કેવી રીતે કરવું એટલે કે કેવી રીતે તેની આકારણી કરવી તે સમજાવે છે. તે આકારણી માટેનું માળખું પૂરું પાડે છે અને સાધન સંપુટ પૂરો પાડે છે. સહભાગી રીતે આ કામ કેવી રીતે થઈ શકે તે પણ તેમાં દર્શાવવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં નુકસાનીની આકારણીનું બહુક્ષેત્રીય માળખું કેવું હોય તેની ચર્ચા કરવામાં આવી છે અને એ ચર્ચા સાથે અસહાયતામાં ઘટાડો, સામાજિક સમાવેશ, સમુદાયની ભાગીદારી અને નારી દૃષ્ટિકોણની વિશેષ ચર્ચા કરવામાં આવી છે.




તેમાં આ ૭ પ્રકરણોમાં નુકસાનીની આકારણી માટેની પદ્ધતિઓની ચર્ચા કરવામાં આવી છે:
(૧) માનવજીવનને હાનિનું આકલન (૨) આવાસની હાનિનું આકલન (૩) સામુદાયિક માળખાગત સવલતોને હાનિનું આકલન (૪) પર્યાવરણને હાનિનું આકલન (૫) જીવનનિર્વાહની હાનિનું આકલન (૬) આરોગ્ય ઉપરની અસરો ઉપરનું આકલન (૭) મનોસામાજિક અસરોનું આકલન.

છેવટે આ પુસ્તકમાં મહિલાઓ ઉપર આપત્તિઓ ઉપર થતી અસરો વિશે ચર્ચા કરવામાં આવી છે. પ્રાપ્તિ સ્થાનઃ ઉન્નતિ, નવાગામ, ભચાઉ-કચ્છ ૩૭૦ ૧૪૦. ફોનઃ ૦૨૮૩૭-૨૨૩૨૯૪. ઈમેલ: unnati_kutch@sancharnet.in

## ન્યાય પ્રહરી

સામાજિક ન્યાય માટે કાયદાનો ઉપયોગ કરી રહેલી અનેક કાયદાકીય સંસ્થાઓ પેરાલીગલ તાલીમ વડે પેરાલીગલની સ્વતંત્ર ઓળખ અને કાયદાકીય માન્યતા માટે પ્રત્યક્ષ રીતે દરમ્યાનગીરી કરી રહી છે. આ દરમ્યાનગીરીથી જનસમાજની સાથે-સાથે ન્યાય અપાવનાર તંત્ર વ્યવસ્થામાં પણ પેરાલીગલની ઓળખ ઊભી થઈ છે અને કામગીરીની નોંધ પણ લેવાઈ છે. હવે જરૂર છે આ કામગીરીને આ તંત્ર વ્યવસ્થામાં કાયદાકીય સ્વીકૃતિ સુધી લઈ જવાની. પેરાલીગલોની કામગીરીનો શ્રેય તેમની સાથે સાથે તેમને તૈયાર કરવામાં અમૂલ્ય યોગદાન આપનાર સ્વૈચ્છિક સંસ્થાઓને જાય છે.

તકવંચિતોના મુદ્દાઓ અંગે લડત આપવા જોડાયેલાં નવા તાલીમાર્થીઓ પેરાલીગલની તાલીમની શરૂઆતમાં મુંઝારો અનુભવે છે. જનસમાજમાં અને ન્યાય અપાવનાર તંત્ર વ્યવસ્થામાં પોતે પોતાની શું ઓળખ આપશે? પેરાલીગલ તરીકે પોતાની કામગીરી શું રહેશે? કયા પડકારોનો સામનો કરવો પડશે? કામગીરીનું મહત્ત્વ શું રહેશે? આવા અનેક પ્રશ્નો તાલીમ દરમ્યાન પણ તેમને મૂંઝવતા રહે છે. પરંતુ કદાચ હવે આ સમસ્યા દૂર કરવામાં આ પુસ્તક ચોક્કસ નિમિત્ત બનશે. કાયદાના કામ સાથે જોડાયેલાં કર્મશીલો કાયદા કાર્યકરો, પેરાલીગલ તાલીમમાં જોડાયેલા તાલીમકારો, પેરાલીગલની ઓળખ માટેની લોકપેરવી કરતાં

સમુહો કે પેરાલીગલ તાલીમ શરૂ કરવા ઈચ્છતી કાયદાકીય અને બિન-કાયદાકીય એવી સંસ્થાઓ માટે આ પુસ્તક મદદરૂપ બની શકશે.

આ પુસ્તકમાં ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં સામાજિક ન્યાય માટે ઝઝૂમતા પેરાલિગલોની સંઘર્ષગાથા વિશે જાણકારી મળશે. અનેક મુશ્કેલીઓ અને વિપરિત પરિસ્થિતિઓ વચ્ચે આ પેરાલીગલોએ વંચિત સમાજને ન્યાય અપાવવા માટે કરેલાં પ્રયાસો સૌ માટે પ્રેરણાદાયી બની રહેશે. એક સામાજિક કાર્યકર કાયદાકીય બાબતોની જાણકારી મેળવીને વધુ આત્મવિશ્વાસ અને જોમપૂર્વક પોતાની ફરજ બજાવી શકે છે તેવું આ પુસ્તકમાં રજૂ થયેલાં અનેક ઉદાહરણોમાં જોવા મળે છે. પુસ્તકને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ વિભાગમાં પ્રેરણાદાયી દૃષ્ટાંતો મૂકવામાં આવ્યાં છે. બીજા વિભાગનાં દૃષ્ટાંતો તાલીમી સાહિત્ય તરીકે જુદી જુદી તાલીમોમાં ઉપયોગી નીવડે તેવાં છે. ત્રીજા વિભાગનાં ઉદાહરણો પેરાલીગલને કાયદાકીય માન્યતા અપાવવા માટે લોકપેરવી કરવાની રીતે કામ લાગે તેવાં છે. સ્થાનિક સ્તરે કાર્યરત પેરાલીગલો વિકાસ ક્ષેત્રે ખૂબ મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છે તેવું ત્રણેય વિભાગના તમામ લેખો જોતાં જણાય છે. આ પુસ્તકમાં કુલ ૨૫ ઉદાહરણો આપવામાં આવ્યાં છે.

પ્રકાશકઃ ભારતીય પેરાલીગલ શિક્ષણ સંસ્થાન, ક્ષેત્રીય સંસાધન કેન્દ્ર - ગુજરાત, સી-૧૦૫, રોયલ ચિન્મય, જજીસ બંગલા રોડ, બોડકદેવ, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦૦૫૪. ફોનઃ ૦૭૯-૫૫૪૧૯૧૨૧. ઈમેલઃ info@iipls.org વેબસાઈટઃ www.iipls.org. સ્વૈચ્છિક યોગદાનઃ રૂ. ૫૦.




### પંચાયત ચાલીસા અને અન્ય સાહિત્ય

લોકપ્રિય ભાષામાં પંચાયતની સમજ લોકોને આપવા માટે પંચાયત ચાલીસા પ્રકાશિત કરવામાં આવ્યા છે. તેમાં પંચાયતી રાજ, વોર્ડ સભા, ગ્રામ સભા, ગ્રામ સેવક, ગ્રામ વિકાસની યોજના, ગ્રામ પંચાયતનું બજેટ, પંચાયતના રેકોર્ડ્સ, યોજનાઓ, પંચાયતની સમિતિઓ વગેરે મુદ્દાઓ સાથે ૨૦ પાનાંની એક નાની પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. કાવ્યાત્મક ભાષામાં લોકોને સમજણ પડે તે રીતે સ્થાનિક ભાષા પ્રયોગો કરીને પંચાયતની બાબતો સમજાવવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા ખિસ્સામાં મૂકી શકાય તેવી છે.




આ ઉપરાંત ગ્રામ સભામાં લોકો આવે અને ખાસ કરીને મહિલાઓની સહભાગિતા વધે તે માટે ચિત્રો અને સૂત્રો સાથે એક પોસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં 'સભી બહનેં ગ્રામ સભામેં આઓ, વિકાસ કામ મેં હાથ બંટાઓ', અને 'મહિલાએં ભી દેંગી સાથ, તભી બનેગી

અપની બાત' જેવાં સૂત્રો આ પોસ્ટરમાં લખવામાં આવ્યાં છે. આ ઉપરાંત કેટલાંક નાનાં-મોટાં સ્ટિકર્સ તૈયાર કરવામાં આવ્યાં છે. આ સમગ્ર હિન્દી સાહિત્યનું પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', ખસરા નં.૬૫૦, રાધાક્રિષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની બાજુમાં, પાલ-ચોપાસની બાય પાસ લિંક રોડ, જોધપુર - , રાજસ્થાન. ફોનઃ ૩૪૩ ૦૦૮. ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮. ઈ-મેલ: unnati@datainfosys.net.

## માહિતીનો અધિકાર માર્ગદર્શિકા

શાસનમાં ભાગીદારી એ લોકશાહીનું હાર્દ છે. ભાગીદાર થવાનો એક રસ્તો એ છે કે લોકો જાહેર નાણાથી ચાલતી હોય અને જાહેર સેવા આપતી હોય એવી કોઈ પણ સરકાર કે સરકારી સંસ્થા વિશે માહિતી પ્રાપ્ત કરે અને તેને આધારે નિર્ણયો લે. માહિતી પ્રાપ્ત થવાથી શાસન વધારે પારદર્શી બને છે. આથી માહિતી મેળવવાનો અધિકાર નાગરિકોને આપવા માટે ૨૦૦૫માં ભારતમાં એક કાયદો કરવામાં આવ્યો છે. આ કાયદાનું નામ છે. માહિતી અધિકાર ધારો-૨૦૦૫. આ ધારાનો અમલ થાય અને લોકો પ્રત્યે શાસન જવાબદાર બને તે માટે અગત્યની બાબત એ છે કે લોકો માહિતીનો અધિકાર શું છે એ જાણે અને માહિતીના અધિકારનો ઉપયોગ કરતા થાય. આ હેતુથી આ પુસ્તકમાં માહિતી આપવામાં આવી છે. પુસ્તકમાં કુલ ૯ પ્રકરણો છે અને ૫ પરિશિષ્ટો છે. પ્રથમ પ્રકરણમાં માહિતીનો અધિકાર શું છે તેની સમજ આપવામાં આવી છે. પ્રકરણ ૨ માં માહિતીનો અધિકાર કેવી રીતે લોકોને મદદરૂપ થઈ શકે છે તેને વિશેની માહિતી આપવામાં આવી છે. વિવિધ ઉદાહરણો દ્વારા એમ સમજાવવામાં આવ્યું છે કે કઈ કઈ બાબતો વિશે માહિતી પ્રાપ્ત કરી શકાય. લોક સુનાવણીથી જાહેર કાર્યોમાં પારદર્શકતા કેવી રીતે આવી છે તે દિલ્લીના એક ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યું છે.

ત્રીજા ભાગમાં કોની પાસેથી માહિતી મળી શકે અને જાહેર માહિતી અધિકારી અથવા મદદનીશ જાહેર માહિતી અધિકારી કોણ છે અને જાહેર સત્તામંડળ કોને કહેવાય તેની કાનૂની જોગવાઈઓની સમજૂતી આપવામાં આવી છે. ચોથા ભાગમાં કેવા પ્રકારની માહિતી મળી શકે તે અને કેવી રીતે માહિતી મળી શકે તેની છણાવટ કરવામાં આવી છે. મુખ્ય મુદ્દો એ છે કે જે માહિતી સંસદ મેળવી શકે છે તે નાગરિક પણ મેળવી શકે છે. પાંચમા ભાગમાં શાસનની સંસ્થાઓએ કઈ માહિતી જાતે જ કોઈ માગે તે સિવાય પ્રકાશિત કરવી જરૂરી છે. તેની વિગતો આપવામાં આવી છે. ભાગ ૬માં માહિતી મેળવવા માટે કેવી રીતે અરજી કરવી તે પાંચ પગથિયાંમાં સમજાવવામાં આવ્યું છે. આ અંગેની કાનૂની જોગવાઈઓ તેમાં દર્શાવાઈ છે. ભાગ ૭ એ સમજાવે છે કે માહિતી મેળવવા માટે કરવામાં આવેલી અરજી ઉપર નિર્ણય કેવી રીતે લેવાય છે અને જો જાહેર માહિતી અધિકારી અરજીનો અસ્વીકાર કરે તો શું કરવું તે પણ સમજાવાયું છે. ફ્લોચાર્ટ દ્વારા અરજીની પ્રક્રિયા સમજાવાઈ છે. જો માંગેલી માહિતી ન મળે તો અપીલ કેવી રીતે કરવી, ફરિયાદ કેવી રીતે કરવી અને અદાલતમાં અપીલ કેવી રીતે કરવી તેને વિશેની વિગતો આપવામાં આવી છે. અપીલની પ્રક્રિયાને બીજા એક ફ્લોચાર્ટ દ્વારા સમજાવવામાં આવી છે. ભાગ ૯ માહિતીના અધિકારને પ્રોત્સાહિત કરવાનું શા માટે જરૂરી છે તે સમજાવે છે. પરિશિષ્ટોમાં માહિતી અધિકાર ધારો, ફી અંગેના નિયમો, અપીલના નિયમો અને માહિતી પંચનાં સંપર્ક અંગેની વિગતો અપાઈ છે.

પ્રકાશકઃ કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવ, ૯, નંદીગ્રામ એપાર્ટમેન્ટ, ૫૨/૧, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા ૩૯૦ ૦૦૫. ફોનઃ ૦૨૬૫-૨૩૨૨૭૮૪.

## પૃષ્ઠ ૧૫નું શેષ

નવતર અભિગમો સ્વૈચ્છિક કાર્યનો એક અનિવાર્ય અંતર્ગત ભાગ છે. સરકાર આવા નવતર અને પાયાના કાર્યને પ્રોત્સાહન આપશે અને માન્યતા આપશે.

**૬.૫** વિવિધ ક્ષેત્રોમાં અને વિવિધ સ્તરોએ કામ કરનારાં સ્વૈચ્છિક સંગઠનોનો માહિતીનો પાયો સ્વૈચ્છિક ક્ષેત્રમાં જ સંચાર માટે ઉપયોગી છે. તેમ જ સ્વૈચ્છિક ક્ષેત્ર અને જાહેર તથા ખાનગી ક્ષેત્ર માટે પણ ઉપયોગી છે. સરકાર આવા માહિતીના પાયા તૈયાર કરવા માટે અને તેમને અદ્યતન બનાવવા માટે યોગ્ય સંસ્થાઓ શરૂ કરશે.

**૬.૬** સરકારની નીતિઓ અને કાર્યક્રમો વિશેની માહિતી મેળવવાનું સ્વૈચ્છિક સંગઠનો માટે ઘણી વાર મુશ્કેલ હોય છે. સરકારની વિવિધ સંસ્થાઓની વેબસાઈટ પરિયોજના માટે ગ્રાંટ આપવાની યોજનાઓ સાથે સંબંધિત એવા મહત્ત્વના દસ્તાવેજો અને માહિતીના પાયાઓ સહિત તમામ માહિતી માટે કડી પૂરી પાડવા નવેસરથી ડિઝાઈન કરવામાં આવશે.

**૬.૭** સરકાર કુટુંબ કલ્યાણ કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો, શાળાઓ, વ્યવસાયી તાલીમ કેન્દ્રો, સફાઈ માટેની ઝુંબેશ વગેરે જેવી જાહેર સેવાઓમાં સ્વયંસેવકોની સામેલગીરીને પ્રોત્સાહન આપશે.

આ રાષ્ટ્રીય સ્વૈચ્છિત ક્ષેત્ર નીતિ - ૨૦૦૭ સ્વૈચ્છિક સંગઠનોની સ્વાયત્તતા અને ઓળખને અસર કર્યા વિના સ્વૈચ્છિક ક્ષેત્ર અને સરકાર વચ્ચે નવા કાર્યગત સંબંધો ઊભા કરવાની પ્રક્રિયાનો આરંભ છે.

છેલ્લાં ત્રણ માસ દરમ્યાન નીચે મુજબનાં ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતીઃ

## ક. નાગરિક નેતૃત્વ અને શાસન

### ૧. પંચાયતી રાજ સંસ્થાઓનું મજબૂતીકરણ

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજનાના અમલમાં પંચાયતોની ભૂમિકા સમજવા માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, મોડાસા અને ખેડબ્રહ્મા તાલુકાની ૩૭ ગ્રામ પંચાયતોમાં બીજા દોરનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. ખેડબ્રહ્મા તાલુકાની ૫ પંચાયતોને આ યોજનાની જોગવાઈઓના અમલ માટે મોડેલ તરીકે વિકસાવવામાં આવી રહી છે. તેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છેઃ જાગતિ ઊભી કરવી, કામ માટેની માંગ ઊભી કરવા લોકોને પ્રોત્સાહન પૂરું પાડવું, રસીદો માટે તેઓ માંગ કરે તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, અન્ય કાનૂની અધિકારો પ્રાપ્ત થાય તે માટેની માંગ ઊભી કરવી, યોજનાના અમલ ઉપર દેખરેખ રાખવી, કાયદાના અમલ માટે પંચાયતોને સક્ષમ બનાવવી, કાયદાના અમલ વિશેની સ્થિતિ અંગે સામે ચાલીને માહિતી જાહેર કરવી વગેરે. તાલુકા નિરીક્ષણ સમિતિ નામની એક સમિતિ તાલુકા સ્તરે રચવામાં આવી છે. તે તાલુકાનાં વિવિધ સ્તરના હિતધારકો અને લોકો વચ્ચેના આ યોજના અંગેના વિવિધ મુદ્દાઓ વિશે સંવાદ ઊભો કરવા પ્રયત્ન કરે છે.

ખેડબ્રહ્મા અને મોડાસા તાલુકા ઉપરાંત અમદાવાદના દસક્રોઈ અને ધોળકા તાલુકાના લગભગ ૧૨૦ નાગરિક નેતાઓને માહિતીના અધિકાર અંગેના કાયદાની જોગવાઈઓ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ નાગરિક નેતાઓએ અનેક મુદ્દાઓ વિશે માહિતી માંગી છે. તે ઉપરાંત, તેમણે જુદા જુદા તાલુકાઓમાં સામાજિક ન્યાય સમિતિઓના સભ્ય કોણ કોણ છે તેમની પણ માહિતી માંગી છે. ગુજરાત માહિતી અધિકાર પહેલનાં સહયોગમાં ૨૮મી જુને નાગરિક નેતાઓ દ્વારા માહિતી અધિકાર ધારા અંગે જાગૃતિ ઊભી કરવાની એક શિબિર યોજવામાં આવી હતી.

દસક્રોઈ અને ધોળકા તાલુકાના નાગરિક નેતાઓએ તેમનાં ગામોમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઉપર દેખરેખ રાખવાનું કામ શરૂ કર્યું છે. ગુજરાતના ૨૫ જિલ્લાઓના ૮૫૦ જેટલા ગ્રામ પંચાયતના સભ્યોને સ્ત્રી-પુરુષ સમાનતા, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો, માહિતી અધિકાર ધારો વગેરે વિષયો વિશે સેટકોમ દ્વારા બે દિવસની એક તાલીમ આપવામાં આવી હતી. તે પહેલાં ૬૦ સરકારી અધિકારીઓને આ મુદ્દાઓ વિશે પ્રશિક્ષકોની તાલીમ આપવામાં આવી હતી. તેમણે પછીથી જે તે કેન્દ્રમાં તાલીમો હાથ ધરી હતી. ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, વર્લ્ડ વિઝન, સી.એચ.આર.આઈ. અને સી.ઈ.ઈ. જેવાં સંગઠનોને તેમનાં ક્ષેત્રોમાંના ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓ માટે તાલીમનો ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો.

રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં યુ.એન.ડી.પી.ના સહયોગથી તાલુકા સ્તરે છેલ્લાં ત્રણ વર્ષથી જે પંચાયત સંસાધન કેન્દ્ર ચાલે છે તેનું દસ્તાવેજીકરણ હાથ ધરવામાં આવ્યું. આમાંનાં છ કેન્દ્રો બંધ થઈ ગયાં છે. પરંતુ સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓને સતત ટેકો પૂરો પાડવાનું કામ કરવાનું ચાલુ છે. મહિલા સરપંચ અને ગ્રામ સેવકોને આંગણવાડી કેન્દ્ર, વાજબી ભાવની દુકાન, શાળા અને મધ્યાહ્ન ભોજન યોજનાની ઉપર દેખરેખ રાખવાનું કામ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ગ્રામ સભામાં લોકોની સહભાગિતા વધે તે માટે હિન્દી ભાષામાં પોસ્ટર, સ્ટીકર, ડેંગલર, કેલેન્ડર, પુસ્તિકા વગેરે જેવી જાગૃતિ માટેની સામગ્રી વિકસાવવામાં આવી છે. જોધપુર જિલ્લામાં આ સાહિત્યનો પ્રચાર-પ્રસાક કરવામાં આવ્યો છે. ગુજરાતી અને હિન્દીમાં પંચાયતી રાજ વિશેનું ત્રિમાસિક સમાચાર પત્ર પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે.

### ૨. ગ્રામીણ આવાસ અને ગૃહ નિર્માણ

૧૦૦ જેટલા કડિયાઓ માટે એક દિવસની એક સભાનું આયોજન એ હેતુથી કરવામાં આવ્યું હતું કે નવી ટેક્નોલોજીનો પ્રચાર-પ્રસાર થાય, નવા કડિયાઓને તાલીમ મળે અને ધિરાણ અંગેની અથવા અન્ય બાબતો અંગેની જે યોજનાઓ હોય તેને વિશેની માહિતી પ્રાપ્ત થાય. છેલ્લા ત્રણ માસ દરમ્યાન અસરગ્રસ્તોને માટે ઝોંપા બાંધનારાં સંગઠનોને ટેક્નિકલ ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો.

### ૩. શહેરી સ્થાનિક સંસ્થાઓનું મજબૂતીકરણ

કડી, વડનગર, ભચાઉ, ઈડર અને રાપર જેવાં નાનાં અને મધ્યમ નગરોની નગરપાલિકાઓની ઘન કચરા સંચાલન વ્યવસ્થાની વર્તમાન પરિસ્થિતિનું ઝડપી મૂલ્યાંકન કરવા માટે નિર્મલ ગુજરાતની ઝુંબેશના સંદર્ભમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડના સહયોગમાં કામ

કરવામાં આવ્યું. આ કાર્ય સર્વોચ્ચ અદાલતની માર્ગરેખાઓ અનુસાર થયું. માંગરોળ, ચોરવાડ અને વેરાવળ એમ ત્રણ પાલિકાઓનાં ૨૧ સભ્યો માટે કેરળનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો. 'પ્રોત્સાહન' સાથે તે માટે સહયોગ સાધવામાં આવ્યો હતો. આઈ.એચ.એસ.ડી.પી. અને યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી.ના વધુ સારા અમલ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડ સાથે સતત વાતચીત કરવામાં આવતી રહી. ઘન કચરા સંચાલનના ક્ષેત્ર શહેરી સ્થાનિક સંસ્થાઓ અને અન્ય હિતધારકોની ક્ષમતા વધે તે માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડ સાથેના સહયોગમાં પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ખ. સામાજિક સમાવેશ અને અધિકારિતા

### ૧. દલિત અધિકાર અભિયાન

હાલ, દલિત અધિકાર અભિયાન એવા પેરાલીગલ લોકોનું જૂથ ઊભું કરી રહ્યું છે કે સ્થાનિક સ્તરે સામાજિક ન્યાયની પ્રક્રિયાઓમાં સામેલ થાય. અમદાવાદના સેન્ટર ફોર સોશ્યલ જસ્ટિસ અને ઓક્સફામના સહયોગથી તેવા ૨૫ પ્રતિનિધિઓ માટે એક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો પહેલો તબક્કો ૬થી ૧૦ મે, ૨૦૦૭ દરમ્યાન પૂરો થયો. ૧૪મી એપ્રિલે આંબેડકર જયંતિના દિવસે તમામ ત્રણ જિલ્લામાં ૯ સ્થળોએ ઊજવણી કરવામાં આવી હતી. ફલૌદી અને પોખરણમાં આ કાર્યક્રમાં ગરીબ દલિત બાળકો માટેનું એક ભંડોળ ઊભું કરવામાં આવ્યું. તમામ ૯ સ્થળોએ લગભગ ૫૦૦ દલિત ભાઈ-બહેનોએ આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. જિલ્લા સંસાધન કેન્દ્રોના ક્ષેત્રીય કાર્યકરોની ત્રિમાસિક સમીક્ષા અને આયોજન બેઠક યોજવામાં આવી હતી. બે બેઠકો સંચાલન સમિતિ માટે યોજવામાં આવી હતી અને પ્રાદેશિક સમિતિના સભ્યો માટે બીજી બે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલાઓ સામેના અત્યાચારોના ત્રણ કિસ્સા સહિત ભેદભાવ અને અત્યાચારના ૮ કિસ્સાઓમાં ટેકો પૂરો પાડવામાં આવ્યો. ઉપરાંત, વિવિધ સરકારી યોજનાઓનો લાભ ૩૬ પરિવારોને આપવામાં આવ્યો. અભિયાનની કાનૂની વ્યૂહરચનાને મજબૂત બનાવવા માટે વિચારણા કરવા ૩૫ વકીલો સાથે એક દિવસની એક બેઠક યોજવામાં આવી હતી. બે પરિવારોની ૩૬ વીઘા જમીન છૂટી કરાવવામાં આવી. સ્થાનિક દૈનિકોમાં એવા સમાચાર આવ્યા હતા કે ૧૯૫૫ના રાજસ્થાન જમીન મહેસૂલ ધારાની કલમ-૪૨(બી) સુધારવાનું રાજ્ય સરકાર વિચારી રહી છે. આ સુધારા અન્વયે દલિતોની ખેતીની જમીનના વેચાણ, દાન, ગીરો કે તે બક્ષિસ આપવા ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવશે. જો આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે તો દલિતો જમીનથી વધુ અલગ પડી જશે. આથી અભિયાન આ વિશે ખાસ્સું ચિંતીત છે. શેરગઢ અને સિંધરીનાં બે સહભાગી સંગઠનોના સહયોગથી ૭ ગામોમાં વ્યક્તિગત અને સામુદાયિક સ્તરે ૧૫૦ જેટલાં જળાશયો જળ સલામતી કાર્યક્રમ હેઠળ બાંધવામાં આવ્યાં. તેનાથી માત્ર મહિલાઓને જ જળ સલામતી ઊભી થઈ એવું નથી પરંતુ પાણીના સામુહિક નળ ઉપર તેમને જે ભેદભાવનો સામનો કરવો પડતો હતો તે પણ દૂર થયો. મહિલા સભ્યોની એક પાણી સમિતિ પણ રચવામાં આવી છે. આ જળાશયોનું સંચાલન કરવા માટે તે કામ કરે છે.

### ૨. મુખ્ય પ્રવાહમાં મહિલાઓ

રાજસ્થાનમાં જોધપુર, ઝુનઝુનુ, ટોંક અને બાંસવાડા જિલ્લાઓના ચાર તાલુકાઓમાં પાંચ સહભાગી સંગઠનો મળીને જાહેર જીવનમાં મહિલાઓની સહભાગિતા વિશે એક સંશોધન હાથ ધરવામાં આવ્યું. આ માટે તેમની મુલાકાતો લેવામાં આવી અને ગ્રામ પંચાયતો તથા ગ્રામ સભાઓની બેઠકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ ઉપરાંત પ્રાપ્ય સાહિત્યની સમીક્ષા કરવામાં આવી.

### ૩. ટકાઉ જીવનનિર્વાહને પ્રોત્સાહન

ઘરોનાં રાચ-રચીલાં સાથે સંબંધિત એવી અનેક વસ્તુઓ અમે હાલ વિકસાવી રહ્યા છીએ.

### ૪. વિકલાંગતાના પ્રશ્નોને મુખ્ય પ્રવાહમાં લાવવા

'સામર્થ્યઃ નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ બેરિયર ફ્રી એન્વાયર્નમેન્ટ ફોર ડિસેબલ્ડ પર્સન્સ' અને 'ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ' દ્વારા ત્રિમાસિક સમાચાર પત્ર 'બેઝિન સાઉથ એશિયા'નો ૨૦૦૭નો ૮મો અંક સાર્વત્રિક પહોંચ વિશે સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો. 'દર્પણ' સાથેના સહયોગમાં પહોંચ અને સમાવેશ વિશે એક ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં અમે સક્રિય પણે ભાગ લીધો હતો. અનેક હિતધારકોએ તેમાં ભાગ લીધો હતો અને તેનું પ્રસારણ સ્થાનિક દૂરદર્શન ચેનલ દ્વારા કરવામાં આવ્યું હતું.

‘હેન્ડિકેપ ઈન્ટરનેશનલ’ દ્વારા પહોંચ અન્વેષણ બીજા દોરમાં વિવિધ હિતધારકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને અમારા એક કાર્યકરે તેમાં સક્રિય ભાગ લીધો હતો.

## ગ. આપત્તિ જોખમ સંચાલનના સામાજિક નિર્ધારકો

### ૧. આપત્તિ સામેનો પ્રતિભાવ

ગયા વર્ષે બાડમેરમાં પૂર આવ્યા બાદ અમે અમારાં સહભાગી સંગઠનો સાથે મળીને અસરગ્રસ્ત પરિવારો માટે રાહત અને પુનર્વસનની કામગીરીમાં સામેલ થયા હતા. છેલ્લા ૯ માસ દરમ્યાન નવાં ઘરો બાંધવા માટે ૨૪૪ પરિવારોને અને ૧૦૫ પરિવારોને ઘરોના સમારકામ માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. ઉપરાંત આશરે ૧૦૦ પરિવારોને તેઓ તેમનું રોજિંદુ જીવન શરૂ કરી શકે તે માટે એક કિટ પૂરી પાડવામાં આવી હતી. બાડમેરની પૂર રાહત અને પુનર્વસનઃ વર્તમાન સ્થિતિ અને ભાવિ પડકારો વિશે એક દિવસની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગાળા દરમ્યાન રાહત અને પુનર્વસન માટે જે પ્રયાસો વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યા હતા તેમની સમજ ઊભી થાય અને એમાંથી કંઈક પદાર્થપાઠ શીખી શકાય તે તેનો ઉદ્દેશ હતો. ઉપરાંત, ભવિષ્ય માટે અને ખાસ કરીને આગામી ચોમાસા માટે સામૂહિક વ્યૂહરચના ઘડવાનો ઉદ્દેશ પણ આ કાર્યશાળામાં રાખવામાં આવ્યો હતો.

### ૨. આપત્તિના સામનાની તૈયારી

અમદાવાદ ખાતે આપત્તિ સંચાલનઃ કાનૂની જોગવાઈઓ અને વ્યવહારો વિશે એક રાજ્ય સ્તરીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં યુએનડીપી, જીએસડીએમએ, એનઆઈડીએમ, એનડીએમએડી વગેરેના પ્રતિનિધિઓ ઉપરાંત રાહત કમિશનર, બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ અને શિક્ષણ જગતના વિદ્વાનો સહિત ૩૫ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કોર્ડએઈડ (નેધરલેન્ડ્સ) દ્વારા આપત્તિ જોખમમાં ઘટાડા અંગે જે અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમાં ત્રણ સભ્યોની એક ટુકડીએ ભાગ લીધો હતો. ‘એસેસિંગ ડેમેજિસ આફ્ટર ડિઝાસ્ટરઃ એ પાર્ટિસિપેટરી ફ્રેમવર્ક એન્ડ ટૂલકિટ’ નામે એક અંગ્રેજી પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

## ઘ. નોલેજ રિસોર્સ સેન્ટર

નોલેજ રિસોર્સ સેન્ટર પાસે હાલ ૫,૫૭૫ પુસ્તકો છે અને છેલ્લા ત્રણ માસ દરમ્યાન તેમાં ૨૫૨ પુસ્તકો ઉમેરાયાં હતાં.

ઉન્નતિ

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org, વેબસાઈટ: www.unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ખસરા નં.૬૫૦, રાધાક્રિષ્ણ પુરમ, લહેરિયા રિસોર્ટ નજીક, પાલ-ચોપાસની બાયપાસ લીંક રોડ, જોધપુર - ૩૪૩ ૦૦૮. રાજસ્થાન

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.